GJBK010028312025

| | |
|---|---|
| કેસ દાખલ થયા તા. | ૨૩/૭/૨૦૨૫ |
| કેસ રજીસ્ટરે નોંધ્યા તા. | ૨૩/૭/૨૦૨૫ |
| કેસ ફેસલ કર્યા તા. | ૩૦/૩/૨૦૨૬ |

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

**નામદાર સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલનાં ચેપ્ટર–VI નાં 179 A અન્વયેનાં નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

# FORM–A

## બનાસકાંઠાનાં મ્હે. સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.
## શુભદા કૃષ્ણકાન્ત બક્ષી, સેશન્સ જજ, પાલનપુર
## (ચુકાદાની તા. ૩૦/ ૩/૨૦૨૬)

**સેશન્સ કેસ નંબર:–૬૬/૨૦૨૫**

**આંક–**

**એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::–**

| | | |
|---|---|---|
| પોલીસ સ્ટેશન | અમીરગઢ પો.સ્ટે. ગુ.ર. નં. ૧૧૧૯૫૦૦૩૨૫૦૨૯૮/૨૦૨૫. | |
| ગુન્હો | બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩), ૫૪ | |
| તહોમતનામા મુજબ તહોમત | બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩), ૫૪ | |
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરીયાદી : વનીબેન રત્નાભાઇ ઉર્ફે રતાભાઇ ખરાડી) | |
| વિ.એ.પી.પી.શ્રી | આર.પી.વૈષ્ણવ | |
| આરોપી | (૧) | **નાથાભાઇ કેશાભાઇ ખરાડી,**<br>ઉ.વ. ૪૮, ધંધો– ખેતીકામ, |
| | (૨) | **ગલબીબેન વા./ઓ. નાથાભાઇ ખરાડી**<br>ઉ.વ. ૪૫, ધંધો– ખેતીકામ, |
| | (૩) | **નીતાબેન ડો./ઓ. નાથાભાઇ ખરાડી**<br>ઉ.વ. ૧૯, ધંધો– ખેતીકામ, |
| | | તમામ રહે. રબારીયા, તા. અમીરગઢ, જી. બનાસકાંઠા. |
| આરોપી તરફે વિ.વ. શ્રી | એસ.એમ.ચૌધરી | |

## FORM–B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૬/૪/૨૦૨૫ |
| ફરીયાદની તારીખ | ૧૭/૪/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૮/૭/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૪/૧૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૯/૧૧/૨૦૨૫ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | ૧૬/૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦/૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | –– |

**આરોપીઓની વિગત :–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડ ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નાથાભાઇ કેશાભાઇ ખરાડી | ૧૭/૪/૨૦૨૫ | – | બી.એન.એસ. ની કલમ–૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩), ૫૪ | નિર્દોષ | – | – |
| | ગલબીબેન વા./ઓ. નાથાભાઇ ખરાડી | ,, | ૧૩/૮/૨૦૨૫ | ,, | ,, | ,, | ,, |
| | નીતાબેન ડો./ઓ. નાથાભાઇ ખરાડી | ,, | ૨૯/૭/૨૦૨૫ | ,, | ,, | ,, | ,, |

# FORM–C

ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટનાં સાહેદોનું લીસ્ટ :–

**(એ) ફરીયાદપક્ષ તરફે :–**

| સાહેદ નં. | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ડો.જીલ નિમેશભાઇ ઠકકર | ભોગબનનારને પ્રાથમીક સારવાર આપનાર ડોકટર | ૧૫ |
| ૨ | ડો.પ્રવિરચંદ્ર કામેશ્વરચંદ્ર પટેલ | ભોગબનનારની લાશનું પી.એમ.કરનાર ડોકટર | ૧૭ |
| ૩ | રુપાભાઇ હીરાભાઇ બુંબડીયા | આરોપીની શરીરસ્થતી/મુદ્દામાલ કપડાં રીકવરી પંચનામાના પંચ– | ૨૧ |
| ૪ | ભીખાજી હંસાજી પરાડીયા | ''– | ૨૩ |
| ૫ | પ્રહલાદભાઇ પ્રતાપભાઇ ઠાકોર | રીકવરી/ડિસ્કવરી પંચનામાના પંચ– | ૨૪ |
| ૬ | જુગનારસીંહ શ્રવણસીંહ ડાભી | ''– | ૨૬ |
| ૭ | જગાભાઇ ભીખાભાઇ માજીરાણા | રીકવરી/ડિસ્કવરી પંચનામાના પંચ– | ૨૭ |
| ૮ | વનીબેન રત્નાભાઇ ખરાડી | ફરીયાદી–(ગુજરનારના પત્ની) | ૨૯ |
| ૯ | ચીનાભાઇ ઉર્ફે સીનાભાઇ નાનાભાઇ ખરડી | સાહેદ–(ગુજરનારના ભાઇ) | ૩૨ |
| ૧૦ | ચંપાબેન રામાભાઇ ખરાડી | સાહેદ–(ગુજરનારના પુત્રવધુ) | ૩૪ |
| ૧૧ | મુકેશભાઇ ચીનાભાઇ ખરાડી | સાહેદ–(ગુજરનારના ભત્રીજા) | ૩૬ |
| ૧૨ | સુરમાભાઇ રામાભાઇ ખરાડી | સાહેદ–(ગુજરનારનો પૌત્ર) | ૩૮ |
| ૧૩ | દીતાભાઇ રામાભાઇ ખરાડી | સાહેદ– (ગુજરનારનો પૌત્ર) | ૩૯ |
| ૧૪ | દિનેશભાઇ ચીનાભાઇ ખરાડી | સાહેદ– (ગુજરનારના ભત્રીજા) | ૪૦ |
| ૧૫ | દિપકકુમાર નાનજીભાઇ | પી.એસ.ઓ. | ૪૧ |
| ૧૬ | શૈલેષકુમાર કાલીદાસ પરમાર | ત.ક.અ. | ૪૩ |

**(બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ /પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ :–**

**:: દસ્તાવેજી પુરાવાઓ ::**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભોગબનનારનું મેડીકલ સર્ટી. તથા કેસ પેપર્સ | ૧૬ |
| ૨ | પી.એમ.નોટ | ૧૮ |
| ૩ | ઇન્કવેસ્ટ પંચનામું | ૧૯ |
| ૪ | ગુજરનારના બનાવ સમયે પહેરેલ કપડાંનું રીકવરી પંચનામું | ૨૦ |
| ૫ | આરોપીની શરીરસ્થતી/મુદ્દામાલ કપડાંનું રીકવરી પંચનામું | ૨૨ |
| ૬ | રીકવરી/ડિસ્કવરી પંચનામું | ૨૫,૨૮ |
| ૭ | ફરીયાદ | ૩૦ |
| ૮ | ફરીયાદી તથા સાહેદોના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનો | ૩૧,૩૩, ૩૫,૩૭ |
| ૯ | સુચિપત્ર | ૪૨ |
| ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૪૪ |
| ૧૧ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૪૫ |
| ૧૨ | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા અંગે તા.વિ.અધિ.શ્રી અમીરગઢને કરેલ યાદી અને તે આધારે આવેલ ગુનાવાળી જગ્યાનો નકશો | ૪૬,૪૭ |
| ૧૩ | ફરીયાદી તથા સાહેદોના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદન લેવા સબબ જયુડી.મેજી.ફ.ક.શ્રી અમીરગઢને કરેલ યાદી | ૪૮ |
| ૧૪ | અટકાયત મેમો | ૪૯ |
| ૧૫ | આરોપીની શારીરીક તપાસણી કરી બ્લડ સેમ્પલ લેવા સબબ મેડીકલ ઓફીસરશ્રીને કરેલ યાદી અને તે આધારે આવેલ સર્ટી. | ૫૦,૫૧ |
| ૧૬ | લાશનો કબજો સંભાળ્યા અંગેની પાવતી | ૫૨ |
| ૧૭ | મુદ્દામાલ રવાનગી પત્રક | ૫૩ |
| ૧૮ | મુદ્દામાલ મળ્યા અંગેની એફ.એસ.એલ.ની પહોંચ | ૫૪ |
| ૧૯ | પી.એમ.નોટ તથા સેમ્પલ આપવા માટેની યાદી | ૫૫ |
| ૨૦ | ગુનાવાળી જગ્યાના પંચનામા દરમ્યાન કરેલ વિડીયોગ્રાફીની પેન ડ્રાઇવ | ૫૬ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજો :–

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## મુદ્દામાલની વિગત :–

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | રતાશપડતા ડાઘવાળી માટી |
| | ૨ | કંટ્રોલ સેમ્પલ તરીકેની માટી |
| | ૩ | બનાવવાળી જગ્યાએથી મળી આવેલ વાંસની લાકડીના બે ટુકડા જે ૧ ફુટ ૩ ઇંચ તથા બીજો ૧ ફુટ ૪ ઇંચનો છે જેના ઉપર છુટા છવાયા રતાશ પડતા ડાઘ છે તે |
| | ૪ | બનાવવાળી જગ્યાએ મળી આવેલ બે કાળા કલરની ચપ્પલ |
| ૨ | ૫ | એક ભુરા–જાંબલી કલરનું ચોકડીવાળું આખી બાંયનું શર્ટ |
| | ૬ | કાળા કલરનું સાદુ પેન્ટ |
| ૩ | ૭ | સોનેરી કલરનું બ્લાઉઝ |
| | ૮ | પોપટી કલરનો ઘાઘરો |
| ૪ | ૯ | સફેદ લીલા પીંક સીમેન્ટ કલરનો પચરંગી આખી બાંયનો પંજાબી ડ્રેસ |
| | ૧૦ | કાળા કલરની લેંગીસ |
| ૫ | ૧૧ | ગુજરનારનું લીલા કલરનું કોલરવાળું અડધી બાંયનું ટીશર્ટ જેના પર લોહીના સુકાયેલ ડાઘ જણાય છે તે |
| | ૧૨ | સફેદ કાળા કલરના પટ્ટાવાળું અડધી બાંયનું ટીશર્ટ જેના પર લોહીના સુકાઇ ગયેલ ડાઘ છે તે |
| | ૧૩ | એક આખી બાંયનું કાળા કલરનું ટીશર્ટ |
| | ૧૪ | એક આછા છીંકણી કલરનું સાદુ પેન્ટ જેના ઉપર લોહીના સુકાઇ ગયેલ ડાઘ છે તે |
| ૬ | ૧૫ | અકે વાંસની ચીરાઇ ગયેલ લાકડી જેના એક છેડે ૨૨ મીટરનો ટુકડો જણાઇ આવતો નથી જેની લંબાઇ ૧૪૦ સે.મી. છે જેના પર છુટા છવાયા રતાશ પડતા ડાઘ છે તે |

| | | |
|---|---|---|
| ૭ | ૧૬ | એક લીંબડાના લાકડાની લાકડી જે વચ્ચેના ભાગેથી સાધારણ વળાંકવાળી જેની લંબાઇ ૯૦ સે.મી. છે તે |
| ૮ | ૧૭ | એક લીંમડાના લાકડાની પાતળી લાકડી જે બે બંને છેડેથી વળાંકવાળી જેની લંબાઇ ૧૦૦ સે.મી. છે તે |

## –:: **JUDGMENT** ::–

**૧.** હાલના આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩), ૫૪ મુજબના ગુનાનું તહોમત છે.

**૨.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી વનીબેન વા./ઓ. રત્નાભાઇ ઉર્ફે રતાભાઇ નાનાભાઇ ખરાડી, રહે. રબારીયા, તા. અમીરગઢનાઓએ ફરીયાદ હકીકત જાહેર કરેલ કે, તેણીના ઘરની બાજુમાં તેણીના જેઠ કેશાભાઈ નાનાભાઈ ખરાડી તથા સીનાભાઈ નાનાભાઈ ખરાડી તેમના પરીવાર સાથે રહે છે. તેણીના પતિને બે ભાઈઓ છે. જેમાં સૌથી મોટા કેશાભાઈ જેઓ છ એક મહીના ઉપર મરણ ગયેલ છે. તેમનાથી નાના સીનાભાઈ છે અને સૌથી નાના તેણીના પતિ હતા. તેણીના પતિ તથા તેમના ભાઈઓના ભાગમાં રબારીયા ગામની સીમમાં ત્રણ–ત્રણ વિઘા જમીન આવેલ છે. જે જમીના ભાગ આશરે ત્રણેક વર્ષ ઉપર તેમના ગામના આગેવાનોની હાજરીમાં પાડવામાં આવેલ હતા ત્યારથી તેણીના જેઠના દીકરા નાથાભાઈને તેઓના પિતાના ભાગમાં જમીન ઓછી આવેલ હોવાનુ મન:દુખ ચાલતુ હતુ.

ત્યારબાદ તા. ૧૭/૪/૨૫ ના રોજ તેણી તથા તેણીના પતિ રત્નાભાઈ ઉર્ફે રતાભાઈ તથા દીકરા રામાભાઈની પત્ની ચંપાબેનએ રીતેના તેમના ઘરે હાજર હતા તે વખતે તેણીના પતિ તેણીના ઘરના આંગણામાં બેસેલ હતા તે દરમ્યાન સાંજના આશરે ચારેક વાગ્યાના સુમારે તેણીના જેઠ કેશાભાઈના દીકરા નાથાભાઈ કેશાભાઈ ખરાડી તથા નાથાભાઈની પત્ની ગલબીબેન તથા તેમની દીકરી નીતાબેન એ રીતેના ત્રણેય જણા હાથમાં લાકડી સાથે તેમના ઘરની આગળ

તેણીના પતિ જ્યા બેસેલ હતા ત્યા  આવેલા અને આ નાથાભાઈ તેણીના પતિને કહેવા લાગેલ કે, ''ભાઈઓ ભાગની જમીનમાં અમારા પિતાના ભાગમાં ઓછી જમીન આવેલ છે અને તમારા ભાગે વધારે જમીન આવેલ છે. જેથી તમો મને જમીન સરખી કરી આપો'' તેમ કહેતા, તેણીના  પતિએ તેમને કહેલ કે, ''અમારે કોઈ વધારે જમીન આવેલ નથી ભાઈઓ ભાગમાં સરખી જમીન આવેલ છે''. તેમ કહેતા આ ત્રણેય જણા ઉશ્કેરાઈ ગયેલા અને તેણીના  પતિને ભુંડી ગાળો બોલવા લાગેલા જેથી તેણીના  પતિએ તેઓને ગાળો બોલવાની ના પાડતા આ ત્રણેય જણા તેમના હાથમાં રહેલ લાકડીઓ વડે તેણીના પતિને માથામાં તથા હાથે પગે તથા છાતીના ભાગે તથા શરીરે આડેધડ માર મારવા લાગેલા જેથી તેણીના  પતિએ બુમાબુમ કરતા તેણી તથા તેણીના  દીકરાની પત્ની ચંપાબેન તથા નજીકમાં રહેતા તેણીના  જેઠ સીનાભાઈ નાનાભાઈ ખરાડી આ હોબાળો સાંભળી દોડી આવતા તેઓ બધા વચ્ચે પડી આ લોકોને હાથા જોડી કરી સમજાવી રવાના કરેલ હતા આ લોકો જતા જતા તેણીના  પતિને કહેતા હતા કે, આજે તો આ લોકો આવી જવાથી તુ બચી ગયેલ છે પરંતુ તુ અમોને જમીન નહી આપે તો હવે પછી લાગમાં આવેથી અમો તને જાનથી મારી નાંખીશુ તેવી ધમકીઓ આપી તેમના ઘરે જતા રહેલ હતા.

ત્યાર બાદ તેઓએ તેણીના  પતિને જોયેલ તો તેમના માથાના આગળના ભાગે તથા ડાબા કાનથી ઉપરના માથાના ભાગે તથા છાતીના ડાબી તરફના ભાગે તથા જમણા હાથની કોણી તથા ડાબા હાથની કલાઈના ભાગે તથા બન્ને પગોના ભાગે તથા પીઠના ભાગે ઈજાઓ થયેલ હતી અને તેઓને લોહી નીકળતુ હોય તે વખતે તેમનો ભત્રીજો દીનેશ સીનાભાઈ ત્યા આવી જતા તેઓએ  તેમને બનાવની વાત કરેલ જેથી તેમના ભત્રીજા દીનેશે તેણીના  પતિને દવાખાને સારવાર માટે લઈ જવા સારૂ ૧૦૮ મોબાઈલ બોલાવી તેણી તથા તેણીના દીકરાની વહુ ચંપાબેન તથા જેઠ સીનાભાઈ નાનાભાઈ એ

રીતેના અમો ત્રણેય જણા પાલનપુર સીવીલ હોસ્પીટલમાં સાંજના આશરે સવા સાતેક વાગ્યાના અરસામાં લાવી દાખલ કરેલ હતા ડોકટર સાહેબે તેણીના પતિની સારવાર ચાલુ કરેલ હતી. તેણીના પતિ સારવાર દરમ્યાન તા.૧૬/૦૪/૨૦૨૫ ના રાત્રીના આશરે પોણા અગીયાર વાગ્યાના અરસામાં મરણ ગયેલ છે.

આમ, આરોપી (૧) નાથાભાઈ કેશાભાઈ ખરાડી (૨) ગલબીબેન વા/ઓ નાથાભાઈ કેશાભાઈ ખરાડી (૩) નીતાબેન ડો/ઓ નાથાભાઈ કેશાભાઈ ખરાડી ત્રણેય રહે.રબારીયા તા.અમીરગઢવાળાઓ લાકડીઓ સાથે તેમના ઘરની આગળ આવી તેણીના પતિને ભાઈઓ ભાગની જમીનમાં અમારા પિતાના ભાગમાં ઓછી જમીન આવેલ છે અને તમારા ભાગે વધારે જમીન આવેલ છે જેથી તમો મને જમીન સરખી કરી આપો તેમ કહેતા તેણીના પતિએ અમારે કોઈ વધારે જમીન આવેલ નથી ભાઈઓ ભાગમાં સરખી જમીન આવેલ છે, તેમ કહેતા, આ ત્રણેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ તેણીના પતિને ભુંડી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી તેમના હાથમાં રહેલ લાકડીઓ વડે તેણીના પતિને માથામાં તથા હાથે પગે તથા છાતીના ભાગે તથા શરીરના ભાગે આડેધડ માર મારી ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ કરેલ જે ઈજાઓના કારણે સારવાર દરમ્યાન તેણીના પતિનુ મૃત્યુ થયેલ હોય, ઉપરોક્ત ત્રણેય જણા વિરૂદ્ધ ધોરણસર તપાસ થવા મતલબની ફરીયાદીએ તા. ૧૭/૪/૨૫ ના રોજ પી.આઇ. શ્રી અમીરગઢ પો.સ્ટે. કેમ્પ-સીવીલ હોસ્પી.પાલનપુર રુબરુ ફરીયાદ આપતાં, આ ફરીયાદ સબંધે આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ- ૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩), ૫૪ મુજબ ગુન્હો રજીસ્ટર્ડ કરવામા આવેલો અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા અમીરગઢના વિ. જયુડી.મેજી.ફ.ક.શ્રી સમક્ષ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે.

૩. સદર કામે આરોપીઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળ્યાની તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકીલશ્રીની જરૂર છે કે કેમ? તેની ખાત્રી કરી, સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની એક માત્ર સત્તા સેશન્સ અદાલતને હોય, વિ. જયુડી.મેજી.ફ.ક.શ્રી અમીરગઢનાઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૨ અન્વયે આ કેસ સેશન્સ અદાલતને કમીટ કરેલ છે. ત્યારબાદ, આ સેશન્સ કેસની સુનાવણી આ સેશન્સ અદાલત મારફત હાથ ધરવામા આવેલ છે.

૪. આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટ દવારા આંક–૧૦ થી બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩) સાથે વાંચતા કલમ–૫૪ મુજબનાં ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવી આંક–૧૧ થી ૧૩ સુધી આરોપીનો જવાબ લેતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતા આરોપીઓ વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ જેમા ફરીયાદ પક્ષે ઉપરોકત મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

૫. ઉપર મુજબનો પુરાવો લીધા બાદ બી.એન.એસ.એસ.કલમ–૩૫૧ હેઠળ આરોપીઓનું વધારાનું નિવેદન લેવામા આવેલ છે જેમાં આરોપીઓએ તેઓની વિરુધ્ધના ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી, તેઓ નિર્દોષ છે, અને ખોટી રીતે ગુનામાં સંડોવેલ હોવાનું જણાવેલ છે.

૬. ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી આર.પી.વૈષ્ણવને તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.એમ.ચૌધરીને સાંભળ્યા.

૭. ઉપરોકત સંજોગોમાં આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે ::–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ બાબત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ભાઇઓ ભાગમાં જમીન ઓછી આવેલ હોવાનું મનદુ:ખ રાખી, લાકડીઓ ધારણ કરી, ફરીયાદીના ઘર આગળ આવી, આરોપી નં. ૧ ના કાકા એવા ગુજરનાર રત્નાભાઇ ઉર્ફે રતાભાઇને '' ભાઇઓ ભાગની જમીનમાં અમારા પિતાના ભાગમાં ઓછી જમીન આવેલ છે અને તમારા ભાગે વધારે જમીન

આવેલ છે જેથી જમીન સરખી કરી આપો'' તેમ કહેતાં, ગુજરનારે ભાઈઓ ભાગમાં સરખી જમીન આવેલ છે તેવું કહેતાં, આરોપીઓ ઉશ્કેરાઈ જઈ, એકબીજાની ગુનાહીત મદદગારીમાં ગુજરનાર રત્નાભાઈનું મોત નિપજાવવાના ઈરાદે આરોપી નં. ૧ નાએ ગુજરનાર રત્નાભાઈને માથાના તથા છાતીના ભાગે આડધેડ લાકડીઓ મારી તથા આરોપી નં. ૨ તથા ૩ નાએ પગમાં લાકડીઓ મારી, ગુજરનારને ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ પહોંચાડી, ગુજરનારનું મોત નિપજાવી, ખૂન કરી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ- ૧૦૩(૧) સાથે વાંચતા કલમ- ૫૪ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ બાબત પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખ, સમય અને સ્થળે આરોપીઓએ એકબીજાની ગુનાહીત મદદગારીમાં ગુજરનાર રત્નાભાઈને જાહેરમાં ભુંડી ગાળો બોલી, અશ્લીલ શબ્દો ઉચ્ચારી, જાનથી મારી નાંખવાની ગુનાહીત ધમકીઓ આપી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ- ૨૯૬, ૩૫૧(૩) સાથે વાંચતા કલમ- ૫૪ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે ?

(૩)શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે ::-

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

૯. આ કામે ફરીયાદપક્ષના કેસ સાથે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેતા આ કામના આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ- ૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩) સાથે વાંચતા કલમ-૫૪ અન્વયે શીક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા સબબ તહોમતનામુ ફરમાવવામા આવેલ છે ત્યારે, ફરીયાદ પક્ષ આ કામે રજુ થયેલ પુરાવાઓને આધીન આરોપીઓ વિરૂધ્ધનો ગુન્હો પુરવાર કરે છે કે કેમ? તે માટે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખીક પુરાવાઓની ચર્ચા કરવી જરૂરી જણાય

છે.

**ફરીયાદી અને સાહેદોનાં પુરાવાની ચર્ચા : :–**

**૧૦.** ફરીયાદપક્ષે આંક–૨૯ થી સાહેદ નં. ૮ તરીકે ગુજરનારના પત્ની અને આ કામના ફરીયાદી વનીબેન રત્નાભાઇ ખરાડીને તપાસવામાં આવેલ છે. આ ફરીયાદીનો પુરાવો જોતાં બનાવ કેવી રીતે બનેલો તેની તેમને ખબર નહીં હોવાનું તેમજ બનાવ તેઓએ નજરે જોયેલ નહીં હોવાનું જણાવે છે. આ ફરીયાદીએ બનાવ સમયે કોઇ વ્યકિત હથીયાર સાથે આવેલ હોય અને તેઓને ઈજા કરેલ હોય તેવું બનેલ નથી તેવું સ્પષ્ટ જણાવી, મુદ્દામાલ હથીયાર ઓળખી બતાવતા નથી. તેમજ આરોપીઓ તેમના કુટુંબના હોઇ તેઓ ઓળખે છે તેમ જણાવી, ફરીયાદમાં તેમના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે. આ ફરીયાદીના પુરાવા દરમ્યાન આંક–૩૧ થી ફરીયાદ રજુ થયેલ છે.

આમ, આ ફરીયાદીએ આંક–૩૧ ની આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોઇ, તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી મેળવી ઉલટ તપાસ કરવાછતાં, આ ફરીયાદીએ બનાવ સમયે હાલના આરોપીઓએ ભાઇઓ ભાગમાં જમીન ઓછી આવેલ હોવાનું મનદુ:ખ રાખી, ઉશ્કેરાઇ જઇ, એકબીજાની ગુનાહીત મદદગારીમાં ગુજરનારને જાહેરમાં ભુંડી ગાળો બોલી, અશ્લીલ શબ્દો ઉચ્ચારી, જાનથી મારી નાંખવાની ગુનાહીત ધમકીઓ આપી, તેણીના પતિ ગુજરનાર રત્નાભાઇનું મોત નિપજાવવાના ઈરાદે આરોપી નં. ૧ નાએ ગુજરનાર રત્નાભાઇને માથાના તથા છાતીના ભાગે આડધેડ લાકડીઓ મારી તથા આરોપી નં. ૨ તથા ૩ નાએ પગમાં લાકડીઓ મારી, ગુજરનારને ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ પહોંચાડી, ગુજરનારનું મોત નિપજાવી, ખૂન કરેલ હોય સબબ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી.

આંક– ૨૯ ના ફરીયાદીની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં

આવેલ છે જેમાં સ્વીકારેલ છે કે, તેણીના પતિને દવાખાને લઇ ગયા ત્યારે તેઓ બેભાન હતા. ડોકટરશ્રી સમક્ષ તેણીએ કોઇ હીસ્ટ્રી આપેલ નથી. તેણીના પતિને મારનાર વ્યકિતઓને તેણીએ જોયેલ નથી. ફરીયાદ કરવા પો.સ્ટે.માં તેણી તથા તેણીના જેઠ વિ. ગયેલા અને તેઓએ ફરીયાદમાં અંગુઠો કરવાનું કહેતાં તેઓએ માત્ર અંગુઠો કરેલ.

**૧૧.** ફરીયાદપક્ષે આંક–૩૨ થી સાહેદ નં. ૯ તરીકે ગુજરનારના ભાઇ ચીનાભાઇ ઉર્ફે સીનાભાઇ ખરાડીને તથા આંક– ૩૪ થી સાહેદ નં.૧૦ તરીકે ગુજરનારની પુત્રવધુ ચંપાબેન રામાભાઇ ખરાડીને તથા આંક– ૩૬ થી સાહેદ નં. ૧૧ તરીકે ગુજરનારના ભત્રીજા મુકેશભાઇ ચીનાભાઇ ખરાડીને તથા આંક– ૩૮ થી સાહેદ નં. ૧૨ તરીકે ગુજરનારના પૌત્ર સુરમાભાઇ ખરાડીને તથા આંક– ૩૯ થી સાહેદ નં. ૧૩ તરીકે ગુજરનારના પૌત્ર દીતાભાઇ ખરાડીને તથા આંક– ૪૦ થી સાહેદ નં. ૧૪ તરીકે ગુજરનારના ભત્રીજા દિનેશભાઇ ખરાડીને તપાસવામાં આવેલ છે. આ તમામ સાહેદોનો પુરાવો જોતાં, બનાવ કેમ કરતા કેવી રીતે બનેલ તેમજ ગુજરનારને કેવી રીતે ઇજા થયેલ તેની ખબર નહીં હોવાનું જણાવે છે. આ સાહેદો તેમના પુરાવામાં તેમના ઘરે કોઇ વ્યકિતઓ હથીયાર સાથે આવી ગુજરનારને ઇજા કરેલ હોય તેવું બનેલ નહીં હોવાનું સ્પષ્ટ જણાવે છે. આ સાહેદો મુદામાલ હથીયારને ઓળખી બતાવતા નથી. આ સાહેદો આરોપીઓ તેમના કુટુંબીઓ હોઇ ઓળખતા હોવાનું જણાવે છે.

આમ, આ સાહેદોએ આરોપીઓ વિરુધ્ધ તેમના પોલીસ રુબરુના નિવેદનની હકીકતોને સમર્થન આપતા ન હોઇ, તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી મેળવી ઉલટ તપાસ કરવાછતાં, આ સાહેદોએ બનાવ સમયે હાલના આરોપીઓએ ભાઇઓ ભાગમાં જમીન ઓછી આવેલ હોવાનું મનદુ:ખ રાખી, ઉશ્કેરાઇ જઇ, એકબીજાની ગુનાહીત મદદગારીમાં ગુજરનારને જાહેરમાં ભુંડી ગાળો બોલી, અશ્લીલ શબ્દો ઉચ્ચારી, જાનથી મારી

નાંખવાની ગુનાહીત ધમકીઓ આપી, ગુજરનાર રત્નાભાઈનું મોત નિપજાવવાના ઈરાદે આરોપી નં. ૧ નાએ ગુજરનાર રત્નાભાઈને માથાના તથા છાતીના ભાગે આડધેડ લાકડીઓ મારી તથા આરોપી નં. ૨ તથા ૩ નાએ પગમાં લાકડીઓ મારી, ગુજરનારને ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ પહોંચાડી, ગુજરનારનું મોત નિપજાવી, ખૂન કરેલ હોય સબબ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષના કેસ તેમજ તેઓના પોલીસ રુબરુના નિવેદનની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી.

**<u>તબીબી અધિકારીશ્રીના</u> <u>પુરાવાની ચર્ચા</u> : :-**

**૧૨.** ફરીયાદપક્ષે આંક- ૧૫ થી સાહેદ નં. ૧ તરીકે ભોગબનનારને પ્રાથમિક સારવાર આપનાર ડો. જીલ નિમેશભાઈ ઠક્કરને તપાસવામાં આવેલ છે. આ ડોકટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૬/૪/૨૦૨૫ ના રોજ તેઓ પાલનપુર જનરલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ટ્રોમા સેન્ટરમાં ફરજ ઉપર હાજર હતા ત્યારે સાંજના ૭.૧૬ વાગે ૧૦૮ માં રતાભાઈ નાનાભાઈ ખરાડી, રહે. રબારીયા, તા. અમીરગઢને તેમના સગા મારફતે પોલીસ યાદી વગર સારવાર માટે લાવેલા. તેઓને તપાસેલા અને તેમના સગાએ હિસ્ટ્રીમાં જણાવેલ કે, નાથાભાઈ, ગલીબેન, બેસુભાઈ અને નેતાબેન તથા અન્ય ઈસમો દ્વારા ધારીયા, તલવાર અને લાકડીથી ઘરે હતા ત્યારે સાંજના ચાર વાગ્યાની આસપાસ હુમલો કરવામાં આવેલો. જે કેસ હિસ્ટ્રી દર્દીના સગાએ આપેલ તેમની ભાષા સમજી શકાયેલ ન હોવાથી જે રીતે સમજણ પડે તે રીતે હિસ્ટ્રી લખી લીધેલી. દર્દી સભાન અવસ્થામાં હતા અને સમય, સ્થળ અને સ્થિતિ પ્રત્યે સભાન હતા અને સહકાર આપતા હતા. દર્દીને તપાસતાં ઈજા નં. ૧) માથાની ડાબી બાજુએ ૨ x ૦.૫ સે.મી. જેટલો સી.એલ.ડબલ્યુ. જોવા મળેલ હતો, જે લાલશ પડતો અનિયમિત આકારનો હતો. નં. ૨) માથાની ડાબી બાજુએ પરાયટલ ભાગમાં ૫ × ૦.૫ સે.મી. નો અનિયમિત

આકારનો, લાલાશ પડતો કપાયેલો–છુંદાયેલો ઘા હતો. નં. ૩) કાંડાના ભાગે ૫ x ૧ સે.મી.નો કપાયેલો– છુંદાયેલો ઘા હતો, જે લાલાશ પડતો અનિયમિત આકારનો હતો. નં. ૪) ઉપરોકત તમામ ઈજાઓમાં દુ:ખાવા સાથેનો સોજો જોવા મળેલ હતો. ડાબી બાજુની છાતીની દિવાલ થોડીક દબાયેલ હોય તેવી દેખાતી હતી અને જમણા પગમાં ઘુંટણથી નીચેના ભાગે ૫ X ૦.૫ સે.મી.નો કપાયેલો ઘા જોવા મળેલ હતો. આ દર્દીને ઉપરોકત ઈજાઓના કારણે સર્જન અને ઓર્થોપેડીક સર્જન પાસે રીફર કરેલ. આ અંગેનું તેઓએ સર્ટી. આપેલ. દર્દીને થયેલ ઈજાઓ ધારદાર હથીયારથી થઈ શકે તેવી હતી. આ ડોકટરશ્રીના પુરાવા દરમ્યાન આંક– ૧૬ થી મેડીકલ સર્ટી. તથા મેડીકલ કેસ પેપર્સ રજુ થયેલ છે.

આંક– ૧૫ ના ડોકટરશ્રીની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સ્વીકારેલ છે કે, કેસ પેપર્સ જોતાં, હીસ્ટ્રીમાં રબારીયા ગામમાં ઘરમાં આવીને પાંચ લોકો આવીને ધારીયું, તલવાર, ધોકલા લઇને સાંજે ચાર વાગે ઘટના ઘટી છે તેવી હીસ્ટ્રી લખાવેલી. વધુમાં સ્વીકારેલ છે કે, દર્દીની સ્થીતી સારી ન હોવાથી થયેલ ઈજાની ઉંડાઇ માપી શકાય તેમ ન હોવાથી તેઓએ લખેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, બનાવ ચાર વાગે બનેલો અને દર્દીને તેમની સમક્ષ સાત વાગે લાવેલા.

**૧૩.** ફરીયાદપક્ષે આંક– ૧૭ થી સાહેદ નં. ૨ તરીકે ભોગબનનારની લાશનું પી.એમ.કરનાર ડો. પ્રવિરચંદ્ર કામેશ્વરચંદ્ર પટેલને તપાસવામાં આવેલ છે. આ ડોકટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તા.૧૭/૪/૨૦૨૫ ના રોજ જનરલ હોસ્પિટલ પાલનપુરના ઇમરજન્સી વોર્ડમાં હાજર હતા તે દરમ્યાન સવારે ૧૧.૪૦ કલાકે પી.આઇ. એસ.કે.પરમાર અમીરગઢ પો.સ્ટે.નાઓ મરનાર રત્નાભાઇ નાનાભાઇ ખરાડી, રહે.રબારીયા, તા.અમીરગઢવાળાની લાશ ઇન્કવેસ્ટ સાથે પેનલ ડોકટરથી પી.એમ. કરાવવા માટે લાવેલ હતા.

આ શબનું પરીક્ષણ તેઓએ તથા તેમના સાથી ડોકટર ડો.અલકાબેન ઝવેરીએ કલાક બપોરે ૨.૨૦ કલાકે શરૂ કરી કલાક ૩.૪૫ પુર્ણ કરેલ. ઈન્કવેસ્ટ પંચનામામાં મુજબ શબને છાતી, પગ અને હાથ ઉપર ગંભીર ઈજાઓને કારણે મૃત્યુ થયેલાનું જણાયેલુ હતું. શબનું બ્રાહ્ય પરીક્ષણ કરતાં હિન્દુ પુરૂષની આશરે ૬૦ વર્ષ ઉંમરની જેને શરીરે કાળા રંગનું સ્વેટર, બ્લયુ કલરની ટી-શર્ટ અને બ્લેક અને વાઈટ ટી-શર્ટ, ભુરો કલરનું પેન્ટ અને પેન્ટના નીચે ધોતી પહેરેલી હતી. માથા તથા દાઢીના વાળ સફેદ હતા. તે સમયે શરીરના ઉપરના ભાગે અને કપડાં લોહીથી ખરડાયેલ હતા. શબ ઓળખાયેલું હતું. શબ ઠંડુ અને સામાન્ય બાંધાનું હતું. રાઈગર મોર્ટીસની પ્રક્રીયા આખા શરીર ઉપર વિકસીત હતી. પી.એમ. લીવીડીટીની શબના પાછળના ભાગે અને જાંઘના પાછળના ભાગે હાજર હતી. શબની આંખ બંધ હતી, જીભ મોઢાની અંદર હતી. શબનું આંતરીક પરીક્ષણ કરતાં ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જોવા મળેલા નહિ. શબને તપાસતાં, કોલમ નં. ૧૭ મુજબ ઈજા નં. ૧) માથાના ડાબી બાજુ પેરાઈટલ રીઝનમાં એક ખોતરાયેલો અને કપાયેલો ઘા જેમની સાઈજ ૫ સે.મી. x ૦.૫ સે.મી. અને ઉંડાઈ માથાના હાડકા સુધી હતી. ઈજા નં.૨) ડાબા હાથના રેડીયસ અને અલનાનું હાડકુ તુટેલું હતું. ઈજા નં.૩) ડાબી રીસ્ટના ભાગે એક કપાયેલો અને ખોતરાયેલો ઘા જેની સાઈજ ૩ સે.મી. x ૦.૫ સે.મી. અને x ૦.૫ સે.મી.ની હતી. ઈજા નં.૪)ડાબા પગની નીચેની બાજુ એક કપાયેલો અને ખોતરાયેલો ઘા જેની સાઈજ ૩ સે.મી. x ૦.૫ સે.મી.x ૦.૫ સે.મી જેટલી હતી. ઈજા નં.૫) જમણા પગના મધ્ય ભાગે એક કપાયેલો અને ખોતરાયેલો ઘા જેની સાઈજ ૫ સે.મી. x ૦.૫ સે.મી.અને ઉંડાઈ પગના હાડકાં સુધી હતી. ઈજા નં.૬ ડાબી બાજુના માથાના ફ્ન્ટલ ભાગમાં એક કપાયેલો અને ખોતરાયેલો ઘા જેની સાઈજ ૨ સે.મી. x ૦.૫ સે.મી. અને ઉંડાઈ માથાના હાડકા સુધીની હતી. ઈજા નં.૭) ડાબા હાથમાં નાના નાના ઘણા બધા

છોલાયેલા ઘા હતા. શબનું બ્રાહ્ય પરીક્ષણ કરતા ડાબી બાજુના રેડીયસ અને અલનાનું બોર્ન ફેકચર હતું અને ડાબી બાજુના છાતીના ભાગે પાંચમા રીબમાં ફેકચર માલુમ પડેલ હતું. આ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. શબનું આંતરીક તપાસ કરતાં માથાની ડાબી બાજુ પેરાઈટો ઓકસીપીટલ ભાગમાં લોહી જમા થયેલ હતું. માથામાં કોઈ અસ્થિભંગ માલુમ પડેલ ન હતો. તેમજ બ્રેઈન મેર્ટરમાં નાના–નાના ઘાની લોહીની ગાંઠો હતી અને બ્રેઈન મેર્ટર સુજાયેલ હતું. છાતીના ભાગે આંતરીક તપાસમાં ડાબી બાજુ પાંચમી પાંસળીમાં ફેકચર જોવા મળેલું અને ફેફસાનું આવરણ તુટેલુ હતુ અને ત્યાં લોહી ભરાયેલ હતું. જમણુ ફેફસું ફીકું હતું અને ડાબા ફેફસામાં બે કપાયેલો અને છુંદાયેલો ઘા હતો જેની સાઈજ ૩ સે.મી. x ૧.૦૦ સે.મી. ની જેટલી હતી. હદય ફીકું હતું. હદયની ડાબી ચેમ્બરમાં ૨૦૦ એમ.એલ જેટલું લોહી હતું. મોટી રકતવાહીનીઓ પ્લેજડ હતી. પેટના ઉપરના ભાગે કોઈ ઈજા માલુમ પડેલ નથી. તેમજ પેટના આવરણમાં કોઈ ઈજા ન હતી. તેમજ પેલાન કેવીલીટીમાં લોહી ન હતું. જીભ ફીકી હતી અને દાંત ઉપર કોઈ ઈજા ન હતી. અન્નનળી ફીકાશ પડતી હતી, હોજરી ફીકાશ પડતી હતી અને ખાલી હતી. નાનું આંતરડું ફીકાશ પડતું હતું અને ત્યાં પચેલો ભોજન પદાર્થ મળી આવેલ હતો. મોટું આંતરડું ફીકાશ પડતું હતું અને તેમાં ફીકલ મેટર હતું. લીવર,અન્નાશય અને મુત્રપીંડો ફીકાશ પડતાં હતાં. પેશાબની કોથળી ફીકાશ પડતી હતી અને ખાલી હતી. પી.એમ. સમયે હોજરીમાં કોઈ ભોજન પદાર્થ ન હતો. રસાયણી તપાસ માટે બ્લડ સેમ્પલ લઈ એફ.એસ.એલ માટે પોલીસને મોકલેલ હતા. તેમના મંતવ્ય મુજબ ગુજરનાનું મૃત્યુ વધારે પડતું લોહી વહી જવાના કારણે જેમાં ફેફસા અને માથાના ભાગે વધારે પડતું લોહી વહી જવાના કારણે મૃત્યુ થયેલ હતું. આ અંગે તેઓએ પેનલ ડોકટર સાથે પી.એમ.રીપોર્ટ તૈયાર કરેલ. મૃતકને થયેલી ઈજાઓ મુદ્દામાલવાળી લાકડી જેવા હથીયારથી થઈ શકે. આ

ડોકટરશ્રીના પુરાવા દરમ્યાન આંક– ૧૮ થી પી.એમ.રીપોર્ટ રજુ થયેલ છે.

આંક– ૧૭ ના ડોકટરશ્રીની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સ્વીકારેલ છે કે, પી.એમ.નોટમાં જે અસ્થીભંગની ઈજાઓ બતાવેલી છે જેમાં દર્દી સમયસર સારવાર લે અને સારવાર પુરી કરે તો સાજા થઈ શકે તેવી ઈજાઓ હતી. હેમેટોમાની જે ઈજાઓ બતાવેલી છે તે ઈજાઓનું પરીણામ છે. હેમેટોમાની ઈજામાં પણ સમયસર પુર્ણ સારવાર લેવામાં આવે તો દર્દી સાજા થઈ શકે તેવી ઈજા હતી.

**<u>પંચ સાહેદોના પુરાવાની ચર્ચા</u> : :–**

**૧૪.** ફરીયાદપક્ષે આંક– ૨૧ થી સાહેદ નં. ૩ તરીકે રુપાભાઈ હીરાભાઈ બુંબડીયાને તથા આંક– ૨૩ થી સાહેદ નં. ૪ તરીકે ભીખાજી હંસાજી પરાડીયાને તપાસવામાં આવેલ છે. આ સાહેદો આરોપીની શરીરસ્થતી/મુદામાલ કપડાં રીકવરી પંચનામાના પંચ સાહેદો છે. વધુમાં ફરીયાદપક્ષે આંક– ૨૪ થી સાહેદ નં. ૫ તરીકે પ્રહલાદભાઈ પ્રતાપભાઈ ઠાકોરને તથા આંક– ૨૬ થી સાહેદ નં. ૬ તરીકે જુગનારસીંહ શ્રવણસીંહ ડાભીને તથા આંક– ૨૭ થી સાહેદ નં. ૭ તરીકે જગાભાઈ ભીખાભાઈ માજીરાણાને તપાસવામાં આવેલ છે. આ સાહેદો રીકવરી/ડિસ્કવરી પંચનામાના પંચ સાહેદો છે. આ તમામ પંચ સાહેદો તેમના પુરાવામાં ફરિયાદપક્ષના કથન મુજબના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને ફકત પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં, આ પંચ સાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. આ પંચ સાહેદોના પુરાવાથી ઉપરોકત પંચનામા પુરવાર થતા નથી.

**<u>પોલીસ સાહેદોનાં પુરાવાની ચર્ચા</u> : :–**

**૧૫.** ફરીયાદપક્ષે આંક– ૪૧ થી સાહેદ નં. ૧૫ તરીકે પી.એસ.ઓ.

દિપકકુમાર નાનજીભાઇને તપાસવામાં આવેલ છે. આ પી.એસ.ઓ.એ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૭/૪/૨૦૨૪ ના રોજ તેઓ અમીરગઢ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે ફરીયાદી– વનીબેન વા.ઓ. રત્નાભાઇ ઉર્ફે રતાભાઇ નાનાભાઇ ખરાડી, રહે. રબારીયાની પી.આઇ. રૂબરૂની ફરીયાદ તેમની તરફ ગુનો રજીસ્ટર થવા આવતા તેઓએ ફરીયાદ ધ્યાને લઇ ફરીયાદ મુજબનો ગુનો અમીરગઢ પો.સ્ટે.ના ગુના રજીસ્ટર નં. ૨૯૮/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૩ (૧), ૨૯૬, ૩૫૧ (૩), ૫૪ મુજબ આરોપીઓ– નાથાભાઇ કેશાભાઇ, ગલબીબેન નાથાભાઇ, નીતાબેન નાથાભાઇની સામે દાખલ કરી ગુનાની તપાસ કરવા ડેપ્યુટ હુકમ કરી સુચિપત્ર તૈયાર કરી, આ ગુનાની તપાસ માટે કાગળો મે પી.આઇ. એસ.કે.પરમાર તરફ મોકલી આપેલા. આ પી.એસ.ઓ.શ્રીના પુરાવા દરમ્યાન આંક– ૪૨ થી સુચિપત્ર રજુ થયેલ છે. આ પી.એસ.ઓ.શ્રીની બચાવપક્ષે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**૧૬.** ફરીયાદપક્ષે આંક– ૪૩ થી સાહેદ નં. ૧૬ તરીકે ત.ક.અ. શૈલેષકુમાર કાલીદાસ પરમારને તપાસવામાં આવેલ છે. આ ત.ક.અ.શ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૭/૪/૨૦૨૪ ના રોજ તેઓ અમીરગઢ પોલીસ સ્ટેશનમાં પી.આઇ. તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે આ કામના ફરીયાદી– વનીબેન વા.ઓ. રત્નાભાઇ ઉર્ફે રતાભાઇ નાનાભાઇ ખરાડી,રહે. રબારીયાવાળા તેમની સમક્ષ તેમની ફરીયાદ હકીકત જાહેર કરતા તેઓએ તેમના જણાવ્યા મુજબની ફરીયાદ હકીકત નોંધી ફરીયાદ મુજબનો ગુનો અમીરગઢ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવા માટે ફરીયાદ પી.એસ.ઓ. તરફ મોકલી આપેલી અને પી.એસ.ઓ.એ ફરીયાદ મુજબનો ગુનો દાખલ કરી તપાસ તેઓને સોંપેલી. ત્યારબાદ તેઓએ આ ગુનાની તપાસ સંભાળી લઇ પંચો રુબરુ ઇન્કવેસ્ટ પંચનામું, ઇજા પામનારની

શરીરસ્થીતી, ગુનાવાળી જગ્યાનું તેમજ મુદ્દામાલ હથીયારનું રીકવરી તેમજ ડિસ્કવરી પંચનામું કરી, પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ. ગુનાવાળી જગ્યાએ પંચનામા દરમીયાન એફ.એસ.એલ. અધિકારી શ્રી ડી.એમ.પટેલને હાજર રાખેલા ત્યારે તેઓએ જગ્યાનુ નિરીક્ષણ કરી રીપોર્ટ રજુ કરેલો. મરણ જનારની પી.એમ. નોટ, મેડીકલ સર્ટી. મેડીકલ કેસ પેપર્સ મેડીકલ ઓફીસર પાસેથી તપાસ દરમીયાન મેળવેલ. બનાવવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા તાલુકા વિકાસ અધિકારી, અમીરગઢને યાદી કરેલી, જે યાદી આધારે વિસ્તરણ અધિકારીએ ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરી તેઓને મોકલી આપતાં, તપાસના કામે સામેલ રાખેલો. સાહેદોના બી.એન.એસ.એસ.ની કલમ- ૧૮૩ મુજબ નિવેદન નામ. કોર્ટમાંથી મેળવેલા. ત્રણેય આરોપીઓને અટક કરેલા અને જે અટક કર્યા સબબ અટક મેમો તૈયાર કરેલો, આરોપીઓને મેડીકલ તપાસણી કરવા યાદી કરેલી, અને જે યાદીના આધારે આરોપીઓની મેડીકલ ચકાસણી કરી રીપોર્ટ કરેલો, જે તપાસના કામે સામેલ રાખેલ, લાશનુ પી.એમ. થયા બાદ ડોકટરશ્રીએ લાશનો કબજો તેઓને સોંપેલો, જે બદલ તેઓએ પાવતી લખી આપેલી, પંચનામા દરમીયાન કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ કરવા રવાનગી પત્રક ધ્વારા મોકલી આપેલો, અને મુદ્દામાલ સબંધે એફ.એસ.એલ. અમદાવાદે પહોંચ લખી આપેલી, તેઓએ મેડીકલ ઓફીસર, સીવીલ હોસ્પીટલ, પાલનપુરને પી.એમ. નોટ તથા સેમ્પલ આપવા માટે યાદી કરેલી, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરતી વખતે વિડીયોગ્રાફી કરેલી, જે વિડીયોગ્રાફીની પેન ડ્રાઇવ રજુ છે. આ ગુનાના કામે નામ. અમીરગઢ કોર્ટ ધ્વારા સાહેદોના બી.એન.એસ.એસ.ની કલમ- ૧૮૩ મુજબના નિવેદનો લઇ સીલબંધ કરવામાં સોંપેલા, જે તપાસના કાગળોમાં સામેલ રાખેલા. તપાસ દરમીયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને તપાસ દરમીયાન આરોપીઓ સામે આ ગુનાનુ

ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો મળેલ હોય આ ગુનાનુ ચાર્જશીટ નિયત સમય મર્યાદામાં નામ. કોર્ટમાં રજુ કરેલુ. આરોપીઓને તેઓ ઓળખે છે. તપાસના કામે ગુનાવાળી જગ્યાના પંચનામા દરમીયાન મુદ્દામાલ ગુજરનારના કપડા, ચપ્પલ અને રીકવરી પંચનામા દરમીયાન આરોપીઓએ રજુ કરેલ લાકડી રજુ કરેલી જે તેઓ ઓળખે છે. આ ત.ક.અ.શ્રીના પુરાવા દરમ્યાન મુખ્યત્વે આંક– ૪૪ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક– ૪૫, ૪૬ થી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા અંગે તા.વિ.અધિ.શ્રી અમીરગઢને કરેલ યાદી અને તે આધારે આવેલ ગુનાવાળી જગ્યાનો નકશો, આંક– ૪૭ થી ફરીયાદી તથા સાહેદોના બી.એન.એસ.એસ.ની કલમ– ૧૮૩ મુજબના નિવેદન લેવા સબબ જયુડી.મેજી.ફ.ક.શ્રી અમીરગઢને કરેલ યાદી, આંક– ૪૯ થી અટક મેમો, આંક– ૫૦,૫૧ થી આરોપીની શારીરીક તપાસણી કરી બ્લડ સેમ્પલ લેવા સબબ મેડીકલ ઓફીસરશ્રીને કરેલ યાદી અને તે આધારે આવેલ સર્ટીફીકેટસ, આંક– ૫૩ થી મુદ્દામાલ રવાનગી પત્રક, આંક– ૫૪ થી મુદ્દામાલ મળ્યા અંગેની એફ.એસ.એલ.ની પહોંચ, આંક– ૫૬ થી ગુનાવાળી જગ્યાના પંચનામા દરમ્યાન કરેલ  વિડીયોગ્રાફીની પેન ડ્રાઇવ રજુ થયેલ છે. આ  ત.ક.અ.શ્રીની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જે જોતાં બચાવપક્ષે કોઇ ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની સંયુકત ચર્ચા</u> : :–**
**<u>મુદા નં. ૧ તથા ૨  :–</u>**

**૧૭.** આ કામે આરોપી વિરૂધ્ધ આંક–૧૦ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું ધ્યાને લેતાં, આ કામના આરોપીઓએ ભાઇઓ ભાગમાં જમીન ઓછી આવેલ હોવાનું મનદુ:ખ રાખી, લાકડીઓ ધારણ કરી, ફરીયાદીના ઘર આગળ આવી, આરોપી નં. ૧ ના કાકા એવા ગુજરનાર રત્નાભાઇ ઉર્ફે રતાભાઇને '' ભાઇઓ ભાગની જમીનમાં અમારા પિતાના ભાગમાં ઓછી જમીન આવેલ છે અને તમારા ભાગે વધારે

જમીન આવેલ છે જેથી જમીન સરખી કરી આપો'' તેમ કહેતાં, ગુજરનારે ભાઇઓ ભાગમાં સરખી જમીન આવેલ છે તેવું કહેતાં, આરોપીઓ ઉશ્કેરાઇ જઇ, એકબીજાની ગુનાહીત મદદગારીમાં ગુજરનાર રત્નાભાઈને જાહેરમાં ભુંડી ગાળો બોલી, અશ્લીલ શબ્દો ઉચ્ચારી, જાનથી મારી નાંખવાની ગુનાહીત ધમકીઓ આપી, ગુજરનાર રત્નાભાઈનું મોત નિપજાવવાના ઈરાદે આરોપી નં. ૧ નાએ ગુજરનાર રત્નાભાઈને માથાના તથા છાતીના ભાગે આડધેડ લાકડીઓ મારી તથા આરોપી નં. ૨ તથા ૩ નાએ પગમાં લાકડીઓ મારી, ગુજરનારને ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ પહોંચાડી, ગુજરનારનું મોત નિપજાવી, ખૂન કરી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩) સાથે વાંચતા કલમ– ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા મતલબનું તહોમતનામુ ફરમાવવામા આવેલ છે.

૧૮. આરોપીઓ વિરુધ્ધ આંક– ૧૦ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું ધ્યાને લેતાં, આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) મુજબ શિક્ષાપાત્ર ગુન્હા કરેલ હોવા સબબ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે પ્રથમ બી.એન.એસ.ની કલમ –૧૦૩(૧) સબબ તબિબિ પુરાવાની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

૧૯. આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૩૪ થી ભોગબનનાર (ગુજરનાર) રત્નાભાઈને પ્રાથમીક સારવાર આપનાર ડો. જીલ ઠકકરને તથા આંક–૧૭ થી ભોગબનનાર (ગુજરનાર) રત્નાભાઈની લાશનું પી.એમ. કરનાર ડો. પ્રવિરચંદ્ર પટેલને તપાસવામાં આવેલ છે. આ ડોકટરશ્રીઓના પુરાવા દરમ્યાન આંક– ૧૬ થી મેડીકલ સર્ટીફીકેટ કેસ પેપર્સ તથા આંક– ૧૮ થી પી.એમ.નોટ રજુ થયેલ છે. રેકર્ડ પર રજુ થયેલ ઉપરોકત સમગ્ર તબીબી પુરાવો જોતાં, તા. ૧૬/૪/૨૫ ના રોજ સાંજે ૭–૧૬ કલાકે ભોગબનનાર (ગુજરનાર)રત્નાભાઈને પ્રથમ આંક–૧૫ ના ડોકટરશ્રી સમક્ષ સારવાર માટે લઇ જવામાં આવે

છે અને તેઓએ ભોગબનનારને તપાસ્યા બાદ ઓર્થોપેડીક સર્જન પાસે રીફર કરવામાં આવે છે અને ત્યારબાદ ગુજરનાર રત્નાભાઈનું તા. ૧૭/૪/૨૫ ના રોજ મૃત્યું નિપજતાં, લાશનું પી.એમ. કરવા સારુ શબને આંક– ૧૭ ના ડોકટરશ્રી સમક્ષ મોકલવામાં આવે છે. હવે આ બંને ડોકટરશ્રીઓનો પુરાવો જોતાં, ગુજરનાર રત્નાભાઈને માથાની ડાબી બાજુ પરાઈટલ રીઝનમાં એક ખોતરાયેલ અને કપાયેલ ૫ x ૫ સેમી.નો માથાના હાડકા સુધીની ઉંડાઈનો ઘા તેમજ ડાબા હાથના રેડીયસ અને અલનાનું ફ્રેકચર, ડાબી રીસ્ટના ભાગે, ડાબા પગની નીચેની બાજુ તેમજ જમણા પગના મધ્ય ભાગે તેમજ ડાબી બાજુના માથાના ફ્રન્ટલ ભાગમાં કપાયેલ ખોતરાયેલ ઘા તેમજ ડાબા હાથમાં નાના નાના ઘણા બધા છોલાયેલ ઘા જણાઈ આવેલ અને આ તમામ ઈજાઓ મૃત્યું પહેલાની હોવા સબબ અભિપ્રાય આપેલ હોય તેવું જણાય છે. આ કામે આંક–૧૫ ના ડોકટરશ્રીએ ગુજરનારને થયેલ ઈજાઓ ધારદાર હથીયારથી થઈ શકે સબબ અભિપ્રાય આપેલ છે જયારે આંક–૧૭ ના ડોકટરશ્રીએ મુદ્દામાલ લાકડી જેવા હથીયારથી થઈ શકે સબબ અભિપ્રાય આપેલ છે.

આ કામે બચાવપક્ષે ઉપરોકત બંને ડોકટરશ્રીઓની ઉલટ તપાસ કરી, બનાવ ચાર વાગે બનેલ અને દર્દીને સારવાર માટે સાત વાગે લાવેલ હોવાનું અને દર્દીને થયેલ ઈજાનો પ્રકાર જોતાં, સમયસર સારવાર મળે તો સાજી થઈ શકે તેવી હતી સબબ હકીકત રેકર્ડ પર લાવી, ગુજરનારને થયેલ ઈજાની તાત્કાલીક સારવાર કરાવેલ હોત તો ગુજરનાર મરણ પામેલ ન હોત સબબ બચાવનો પ્રયાશ કરેલ હોય તેવું જણાય છે પરંતુ આરોપી તરફેના આ બચાવમાં પ્રથમદર્શનીય કોઈ તથ્ય જણાતું નથી કારણ કે આંક–૩૦ ની ફરીયાદ સાથે ગુનાવાળી જગ્યાનું પંચનામું જોતાં, બનાવ રબારીયા, તા. અમીરગઢ મુકામે બનેલ છે અને બનાવ બાદ ૧૦૮ બોલાવી તેમાં સારવાર માટે પાલનપુર ખાતે સીવીલ હોસ્પી.માં લાવવામાં આવે છે ત્યારે બંને

સ્થળ વચ્ચેના અંતર સાથે બનાવનો સમય અને સારવાર માટે લઇ ગયેલાનો સમય જોતાં, કોઇ વિલંબ થયેલ હોવાનું જણાઇ આવતું નથી. તેમછતાં, કોઇ કારણસર થોડાઘણા અંશે વિલંબ થયેલ હોય તો પણ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં, તેનો સીધો લાભ બચાવપક્ષને મળી શકે નહીં જેથી આરોપીપક્ષનો ઉપરોકત બચાવમાં પ્રથમદર્શનીય રીતે કોઇ તથ્ય જણાતું નથી. વધુમાં, ફરીયાદપક્ષે ગુજરનારને થયેલ ઈજા ધારદાર કે બોથડ પદાર્થથી થયેલ છે તે સબંધે તબીબી પુરાવામાં વિરોધાભાસ આવતો હોવા સબબ બચાવનો પ્રયાશ કરેલ છે ત્યારે આ બચાવના પ્રયાશ સાથે બંને ડોકટરશ્રીઓનો પુરાવો જોતાં, ગુજરનારને થયેલ ઈજા ચોકકસ કેવા પ્રકારના હથીયારથી થઇ શકે સબબ હથીયારના પ્રકાર સબંધે આપેલ અભિપ્રાયમાં વિરોધાભાસ જણાઇ આવે છે પરંતુ બંને ડોકટરશ્રીઓના પુરાવાથી ગુજરનારને વાઇટલ પાર્ટ કહી શકાય તેવા માથાના ભાગે માથાના હાડકા સુધીની ઉંડાઇનો ઘા સાથે હેમાટોમાની તેમજ શરીરના અન્ય ભાગે અસ્થીભંગની ઈજાઓ જણાઇ આવે છે અને આ તમામ ઈજાઓ મૃત્યું પહેલાની હોવા સબબ અભિપ્રાય આપે છે અને બચાવપક્ષે પણ ગુજરનારને થયેલ ઈજાની હકીકતનું કોઇ ખંડન કરવામાં આવેલ નથી ત્યારે ગુજરનારને થયેલ ઈજાનો પ્રકાર ધ્યાને લેતાં, કુદરતના સામાન્ય ક્રમમાં તેનું મૃત્યું નિપજાવવા માટે પુરતી હોવાનું પણ સ્પષ્ટ થાય છે ત્યારે ગુજરનારને આ પ્રકારે જીવલેણ ઈજા કરવાથી વ્યકિતનું મૃત્યું નિપજશે તેવું જ્ઞાન ધરાવતા હોવાછતાં, પણ જયારે તે રીતે ઈજાઓ કરવામાં આવે ત્યારે તેવી ઈજા એકમાત્ર તે વ્યકિતના ઈરાદાને તથા ગુનાહીત માનસ તથા જ્ઞાનને સમર્થન કરે છે.

૨૦. હવે આરોપી વિરુધ્ધ જયારે બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧) અન્વયે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે આવી ઈજા, હાલના આરોપીઓ ધ્વારા જ મુદ્દામાલ લાકડીઓથી ગુજરનારને પહોંચાડવામાં આવેલ છે અને આરોપીઓ ધ્વારા આ રીતે શારીરીક

હાની પહોંચાડવાથી ગુજરનારનું કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યું નિપજશે તેવી સંભાવનાના જ્ઞાન સાથે તેવી શારીરીક હાની પહોંચાડવાના ઈરાદે ઈજા પહોંચાડી, ગુજરનારનું ખૂન કરેલ અને તે સબબ આરોપીઓનો ગુનાહીત ઈરાદો, ગુનાહીત માનસ અને જ્ઞાન પણ પુરવાર કરવું જરુરી છે અને તેથી જ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાને આધિન ફરીયાદપક્ષ આ કામના આરોપીઓનો ગુનાહીત ઈરાદો, ગુનાહીત માનસ અને જ્ઞાન પુરવાર કરે છે કે કેમ? સબબ ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવાની ચર્ચા કરીએ તે પહેલા બી.એન.એસ.ની કલમ– ૧૦૦, ૧૦૧, ૧૦૩(૧) ના પ્રબંધો અને તત્વો ધ્યાને લેવા જરુરી બને.

**બી.એન.એસ.ની કલમ– ૧૦૦ : સાપરાધ મનુષ્ય વધ ::–.**

કોઈપણ વ્યકિત મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી અથવા તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી અથવા પોતાનાં તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવેલ તે સાપરાધ મનુષ્ય વધનો ગુન્હો કરે છે.

**તત્વો :–**

૧. આરોપીએ કોઈ કૃત્ય કર્યુ અથવા કાર્યલોપ આચર્યો,

૨. જે કારણે ભોગ બનનારનું મૃત્યુ થયુ,

૩. આરોપીએ આવું કૃત્ય–

– મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી કર્યું, અથવા

– તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી કર્યું, અથવા

– પોતાનાં તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કર્યું.

બી.એન.એસ.ની કલમ–૧૦૦ નાં પ્રબંધો અને તત્વો સાથે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાને આધીન આ કામનાં આરોપીનો ઈરાદો પણ પુરવાર કરવો જરૂરી છે એટલે કે, આરોપીનો એક માત્ર ઈરાદો ગુજરનારનું મૃત્યુ નિપજાવવાનો જ હતો તેવી હકીકત પણ રજુ થયેલ પુરાવાને આધીન પુરવાર કરવી જરૂરી છે.

Motive, Intention, Knowledge માટે અત્રે આશય, ઈરાદો તથા જ્ઞાન અથવા જાણકારી એવા શબ્દો પ્રયોજવામાં આવ્યા છે તથા આ શબ્દો તેનો નિકટતમ અર્થ દર્શાવે છે. આ ત્રણે શબ્દો ભાવનાત્મક છે, વ્યકિતનાં મનમાં પોષય છે અને તેથી, આ શબ્દોની વ્યાખ્યા શબ્દબધ્ધ કરી શકાય નહીં. આશય તથા ઈરાદામાં તફાવત છે. કોઈપણ કૃત્ય કરવા માટે આશય તે વ્યકિતની પ્રાથમિક માનસીક અવસ્થા છે. તેને પાર પાડવા માટેની માનસીક પ્રક્રિયા બાદ ઈરાદો આકાર લે છે. કોઈ ગુન્હો પુરવાર કરવા

માટે આશય પુરવાર કરવો તે આવશ્યક નથી પરંતુ, ઈરાદો પુરવાર કરવો તે આવશ્યક છે કારણ કે, ઘણાં ખરા ગુન્હામા દુષિત માનસ – mens rea – મહત્વનું તત્વ છે તથા માનસીક અવસ્થા આ ગુન્હામાં સવિશેષપણે અગત્યતા ધરાવે છે.

ઈરાદો માનસીક અવસ્થા છે જે નિશ્ચિત પ્રક્રિયા બાદ બંધાય છે. ઈરાદા પૂર્વક કૃત્ય કરતી વ્યકિત તથા ઈરાદા વગર કૃત્ય કરતી વ્યકિતની વચ્ચે તફાવત પાડવો મુશ્કેલ નથી. ઈરાદાપૂર્વક વર્તતી વ્યકિતએ કૃત્ય કરવા માટે નિર્ણય કર્યો હોય છે. કયારેક અચાનક બનાવ બની જાય ત્યારે, તે પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ હોય છે. કૃત્ય કરવા માટેનો સમય, તે માટેની તક, સ્થળ, હથીયાર, કરવામાં આવેલી ઈજા, બનાવ પહેલા, બનાવ સમયે, બનાવ બાદનું વર્તન વિગેરે તમામ બાબતો લક્ષ પર લેવાથી નકકી થઈ શકે કે ઈરાદો હતો કે કેમ? ઈરાદાપૂર્વક વર્તતી કે કૃત્ય કરતી વ્યકિત નાં તમામ કૃત્યો, તમામ હલચલ, તમામ વ્યવહાર ગણતરીપૂર્વકનાં (calculative) હોય છે કારણ કે, તે જે કૃત્ય કરે છે તે ચોકકસ ઈરાદો પાર પાડવા માટે કરે છે. વ્યકિત કૃત્ય કરે ત્યારે, તેની અભિવ્યકિત, વ્યવહાર તથા ગુન્હામા રહેલા શારીરીક તત્વનાં કારણે હંમેશા ઈરાદો છતો થઈ જાય છે.

આ કલમમા બે પ્રકારનાં ઈરાદા દર્શાવવામાં આવ્યા છે જે વૈકલ્પિક છે. મૃત્યુ નિપજાવવાનો ઈરાદો પ્રથમ દર્શાવવામાં આવ્યો છે તથા ત્યારબાદ, વિકલ્પે મૃત્યુ નિપજાવવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોંચાડવા નો ઈરાદો દર્શાવવામાં આવ્યો છે. તેવી ઈજા પહોંચાડવાનો ઈરાદો કે જે કારણે કૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી ઈજા અત્યંત અગત્યની બાબત છે. તે આ કલમનું મહત્વનું પાસુ છે. ઘણાં કિસ્સામા ઈરાદો પુરવાર ન થાય ત્યારે, શારીરીક ઈજા તો પ્રત્યક્ષ પુરાવારૂપે હોય જ છે. વ્યકિત સાપરાધ મનુષ્ય વધનાં ગુન્હામાથી છટકી ન શકે તે માટે આ પ્રકારની ઈજા માટેનો ઈરાદો પણ કલમમા વણી લેવામાં આવ્યો છે. મનુષ્ય વધનું સીધુ કારણ ઘણાં ખરા કિસ્સામાં થવા પામેલી ઈજા જ હોય છે અને મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોંચાડવાનો ઈરાદો વધારે સહેલાઈપૂર્વક તારવી શકાય કારણ કે, ભોગ બનનારને થયેલી ઈજાઓ માટે પ્રત્યક્ષ પુરાવો હોય છે તથા તબિબિ અભિપ્રાય અને સામાન્ય જ્ઞાન થી કે તે કારણે કૃત્યુ નિપજવાની સંભાવના હતી કે કેમ અને તેવી સંભાવના હોય ત્યારે, તેવી શારીરીક ઈજા પહોંચાડવાનો ઈરાદો હતો કે કેમ? મૃત્યુ નિપજાવવાનો ઈરાદો તથા જેથી, મૃત્યુ નિપજવા સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોંચાડવાનો ઈરાદો આ બંનેમાં કૃત્ય કરનારની માનસીક અવસ્થામા તફાવત હોય છે. મૃત્યુ નિપજાવવાનો ઈરાદો ધરાવતી વ્યકિત નિર્ણય કરી ચુકી હોય છે જયારે, તેવી શારીરીક ઈજા પહોંચાડવાનો ઈરાદો ધરાવતી વ્યકિત મૃત્યુ નિપજાવવા ઈચ્છતી હોય છે. તેની આ ઈચ્છા મૃત્યુ નિપજાવવાનાં ઈરાદામા, નિર્ણયમા પરિવર્તિત થઈ હોતી નથી. અલબત્ત, બંને કિસ્સામાં પરિણામ તો એક જ આવે છે પરંતુ, માનસીક પ્રક્રિયા, માનસીક અવસ્થામા તફાવત હોય છે જો કે, અપરાધનાં તત્વમા વિશેષ તફાવત હોતો નથી. વ્યકિત ની માનસીક પ્રક્રિયા ગૂઢ છે, રહસ્યમય છે, ભાવનાત્મક બાબત છે છતાં પણ, કોઈ વ્યકિતનાં વર્તન તથા સંજોગો પરથી તારવી શકાય કે, તેનો શું ઈરાદો હતો?

**બી.એન.એસ.ની કલમ–૧૦૧ ખુન ::**

હવે પછી અત્રે દર્શાવેલા અપવાદોનાં કિસ્સા સિવાય સાપરાધ મનુષ્ય વધ તે ખૂન છે જો, જેથી મૃત્યુ નિપજયુ હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી કર્યુ હોય, અથવા

બીજુ – જો, ગુન્હેગારને એવું જ્ઞાન હોય કે જે વ્યકિત ને શારીરીક હાનિ પહોંચી છે તેનું મૃત્યુ નિપજવાનો સંભવ છે અને તેવી શારીરીક હાનિ પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય, અથવા

ત્રિજુ – જો, કોઈ વ્યકિતને શારીરીક ઈજા પહોંચાડવા નાં ઈરાદાથી કર્યુ હોય અને શારીરીક ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતનાં સામાન્ય ક્રમ મા મૃત્યુ નિપજાવવા પુરતી હોય, અથવા

ચોથુ – જો, કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે એવું તત્કાલીક ભયજનક છે કે તમામ શકયતા ઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરીક ઈજાથી મૃત્યુ નિપજવાની પુરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોં ચાડવા માટેનું જોખમ લેવાનાં કોઈ જ કારણ વગર તે કૃત્ય કર્યુ હોય.

**<u>કુદરતનાં સામાન્ય ક્રમમા માનવીનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી ઈજા</u>**

આ પ્રકારે નીચે મુજબનાં શબ્દો કલમમા વાપરવામાં આવ્યા છે.

''જો કોઈ વ્યકિતને શારીરીકરીતે હાનિ પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય અને શારીરીક ઈજા પહોંચાડવા ધારી હોય તે ઈજા કુદરતનાં સામાન્ય ક્રમ માં મૃત્યુ નિપજાવવા પુરતી હોય.

ખૂન ગણાય તેવા સાપરાધ મનુષ્ય વધમા પ્રથમ ત્રણ પ્રકારમા વ્યકિતનો ઈરાદો, માનસીક તત્વ અગત્યનાં છે. પ્રમ પ્રકારમા મહત્વનું તત્વ ઈરાદો છે, બીજા પ્રકારમા ઈરાદો તથા જ્ઞાન અગત્યનાં છે. ત્રિજા પ્રકારમા શારીરીક ઈજા પહોંચાડવાનો ઈરાદો તથા મૃત્યુ નિપજવા માટેની સંભાવનાની ઉંચી માત્રા અગત્યનાં છે. જયારે, ચોથા પ્રકારમા મૃત્યુ જ નિપજે તેવું કૃત્ય જયારે ગુનાહીત જ્ઞાન સાથે કરવામા આવે ત્યારે, તે કારણે નિપજેલ મનુષ્ય વધ ''ખૂન'' ગણાય. ત્રિજા પ્રકારમા મહત્વનું તત્વ કુદરતનાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજે તે છે. આ પ્રકારનું વિશ્લેષણ કરવામા આવે તો, નીચેનાં તત્વો સ્પષ્ટ થાય છે ::–

૧. મૃત્યુ પામનારનાં શરીર પર ઈજા,

૨. આ ઈજા આરોપીએ પહોંચાડી હોય,

૩. આરોપીનો તેવી ઈજા પહોંચાડવાનો ઈરાદો હોય એટલે કે, અકસ્માતે કે ઈરાદા વગર અન્ય કોઈરીતે ઈજા થવા પામી ન હોય, તથા

૪. તેવી શારીરીક ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમાં માનવીનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય.

ચોથા તત્વ પ્રમાણે મૃત્યુ નિપજાવવા માટે પુરતી ઈજા થવા પામે તે અગત્યની બાબત આ ત્રિજા પ્રકારમા છે કે જે કારણે સાપરાધ મનુષ્ય વધ ખૂન ગણાય. તે ઈજાનાં કારણે મૃત્યુ નિપજવાની શકયતાની માત્રા અત્યંત ઉંચી હોય છે. કરવામા આવેલી ઈજા ઈરાદાપૂર્વક કરવામા આવી હોય તથા કુદરતનાં સામાન્ય ક્રમમા તે ઈજા માનવીનું મૃત્યુ નિપજાવવા માટે પર્યાપ્ત હોય. ફરીયાદ પક્ષે પ્રથમ તે બાબત પુરવાર કરવાની રહે કે, ભોગ બનનાર વ્યકિતને ઈજા થવા પામી હતી તે ઈજા આરોપીએ પહોંચાડી હતી તથા તે ઈજા અકસ્માત કે દુર્ઘટના કે બેદરકારીનાં કારણે નહીં પરંતુ, ઈરાદાપૂર્વક કરવામા આવી હતી. આટલી બાબત પુરવાર કર્યા બાદ મહત્વ નું પાસુ એ છે કે, તેવી ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજાવવા પુરતી હતી કે

કેમ? આ બાબત પુરાવા ઉપર આધારીત ગણાય. આ પ્રકાર ની ઈજા પુરતી હતી કે કેમ? તે બાબત સામાન્ય જ્ઞાન તથા તબિબિ અભિપ્રાય પરથી અવશ્ય પણે નકકી કરી શકાય. આરોપીનો મૃત્યુ નિપજાવવાનો ઈરાદો આ પ્રકારમા ગૌણ બની જાય છે. માત્ર ઈરાદાપૂર્વક ની ઈજા અને મૃત્યુ નિપજાવવા માટેની પર્યાપ્તતા તે પુરાવો પુરતો ગણાય. મૃત્યુ નિપજશે જ તેનું ચોકકસ જ્ઞાન આ પ્રકાર માટે આવશ્યક નથી. આ કલમ–૧૦૧ નાં પ્રકાર (૩) ની ચર્ચા કરતા વિરસા સિંઘ વિરૂધ્ધ પંજાબ રાજ્યમા સર્વોચ્ચ અદાલતે નોંધ્યુ છે કે ::–

"The prosecution must prove the following facts before it can bring a case under section 300. Thirdly; frst it must establish quite objectively that a bodily injury is present, secondly the nature of the injury must be proved. These are purely objective investigations. It must be proved that there was an intention to infict that particular injury, that is to say, that it was not accidental or unintentional or that some other kind of injury was intended. Once these three elements are proved to be present, the enquiry proceeds further and fourthly it must be proved that the injury of the type of just described made up of the three elements set our above was sufcient to cause death in the ordinary course of nature. This part of the enquiry is objective and infrential and has nothing to do with the intention of the ofender."

આ ચર્ચા પરથી સ્પષ્ટ કહી શકાય કે, મૃત્યુ નિપજાવવાનો ઈરાદો અથવા તેવી ઈજાથી મૃત્યુ નિપજશે તેવું જ્ઞાન આવશ્યક નથી. માત્ર ઈજા, ઈજાનો પ્રકાર, તેવી ઈજા પહોંચાડવાનો ઈરાદો તથા કુદરતનાં સામાન્ય ક્રમમા તેવી ઈજાઓ મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી, આ બાબતો ફરીયાદ પક્ષ પુરવાર કરી શકે તો, તેવો સાપરાધ મનુષ્ય વધ કલમ–૧૦૧ નાં પ્રકાર (૩) હેઠળ ખૂન ગણાય. ભોગ બનનારને થવા પામેલી ઈજાઓ કુદરત નાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજાવવા પુરતી હતી કે કેમ? તે આખર તો, પુરાવાનો વિષય છે જે માટે સહાયરૂપ થઈ શકે તેવા વિવિધ ચુકાદાઓનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. પેટની નીચેનાં ભાગમાં માત્ર ચાકુનો એક ઘા મારવામા આવ્યો જે કારણે ભોગ બનનારનું મૃત્યુ થયુ, જેમા નાગપુરની વડી અદાલતે ઠરાવ્યુ કે, થવા પામેલી ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી અને તેથી, તે સાપરાધ મનુષ્ય વધ ખૂન ગણાય. આ કિસ્સામા ઈજા પુરતી હતી તથા તેવી ઈજા પહોંચાડવાનો ઈરાદો હતો તથા મહત્વનાં અવયવ પર ઈજા કરવામાં આવી હતી.

**<u>બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) ખૂન માટે સજા ::</u>**

કોઈપણ વ્યકિત ખૂન કરે તેને દેહાંત દંડ અથવા આજીવન કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર થશે.

**<u>ખૂન–સારતત્વ ::</u>**

ઈ.પી. કોડ કલમ–૧૦૧ ની સમાલોચનામા સાપરાધ મનુષ્ય વધ જે ખૂન ગણાય તથા સાપરાધ મનુષ્ય વધ જે ખૂન ન ગણાય તેની ચર્ચા કરવામા

આવી છે. આ કલમ ખૂન માટેની સજા દર્શાવે છે તેથી, પુનરોકિતનાં દોષ સાથે સારતત્વ અત્રે આપેલ છે ::–

૧. સાપરાધ મનુષ્ય વધ થવા પામેલ હોય,
૨. આરોપીએ કોઈ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યો હોય,
૩. જે કારણે ભોગ બનનાનરનું મૃત્યુ નિપજયુ હોય,
૪. આરોપીએ કરેલુ કૃત્ય

– મૃત્યુ નિપજાવવાનાં રાદાથી કરેલ હોય, અથવા

– આરોપીને જ્ઞાન હોય કે જે વ્યકિક્તને શારીરીક હાનિ પહોંચી છે તેનું મૃત્યુ નિપજવા સંભવ છે તથા તેવી શારીરીક હાનિ પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય, અથવા

– શારીરીક હાનિ પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય તથા જે ઈજા પહોંચાડવા ધારી હોય તે ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય, અથવા

– કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે કૃત્ય તત્કાલીન એવું ભય જનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરીક ઈજાનાં કારણે મૃત્યુ નિપજવાની સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા કે ઉપર મુજબની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવા માટેનાં કોઈ જ કારણ વગર કૃત્ય કરવામાં આવેલ હોય.

**૨૧.** ઉપરોકત બી.એન.એસ.ની કલમ– ૧૦૦,૧૦૧, ૧૦૩(૧) નાં પ્રબંધો અને તત્વો સાથે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક– ૨૯ થી ગુજરનારના પત્ની એવા આ કામના ફરીયાદીને તપાસવામાં આવેલ છે. આ ફરીયાદીના પુરાવા દરમ્યાન આંક– ૩૦ થી ફરીયાદ રજુ થયેલ છે. સૌ પ્રથમ આંક–૩૦ ની ફરીયાદ હકીકત ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ એવી ફરીયાદ હકીકત જાહેર કરેલ કે, તેણીના ઘરની બાજુમાં તેણીના જેઠ કેશાભાઈ નાનાભાઈ ખરાડી તથા સીનાભાઈ નાનાભાઈ ખરાડી તેમના પરીવાર સાથે રહે છે. તેણીના પતિને બે ભાઈઓ છે. જેમાં સૌથી મોટા કેશાભાઈ જેઓ છ એક મહીના ઉપર મરણ ગયેલ છે. તેમનાથી નાના સીનાભાઈ છે અને સૌથી નાના તેણીના પતિ હતા. તેણીના પતિ તથા તેમના ભાઈઓના ભાગમાં રબારીયા ગામની સીમમાં ત્રણ–ત્રણ વિઘા જમીન આવેલ છે. જે જમીના ભાગ આશરે ત્રણેક વર્ષ ઉપર તેમના ગામના આગેવાનોની હાજરીમાં પાડવામાં આવેલ હતા ત્યારથી તેણીના જેઠના દીકરા નાથાભાઈને તેઓના પિતાના ભાગમાં જમીન

ઓછી આવેલ હોવાનુ મન:દુખ ચાલતુ હતુ.

ત્યારબાદ તા. ૧૭/૪/૨૫ ના રોજ તેણી તથા તેણીના પતિ રત્નાભાઈ ઉર્ફે રતાભાઈ તથા દીકરા રામાભાઈની પત્ની ચંપાબેનએ રીતેના તેમના ઘરે હાજર હતા તે વખતે તેણીના પતિ તેણીના ઘરના આંગણામાં બેસેલ હતા તે દરમ્યાન સાંજના આશરે ચારેક વાગ્યાના સુમારે તેણીના જેઠ કેશાભાઈના દીકરા નાથાભાઈ કેશાભાઈ ખરાડી તથા નાથાભાઈની પત્ની ગલબીબેન તથા તેમની દીકરી નીતાબેન એ રીતેના ત્રણેય જણા હાથમાં લાકડી સાથે તેમના ઘરની આગળ તેણીના પતિ જ્યા બેસેલ હતા ત્યા આવેલા અને આ નાથાભાઈ તેણીના પતિને કહેવા લાગેલ કે, ''ભાઈઓ ભાગની જમીનમાં અમારા પિતાના ભાગમાં ઓછી જમીન આવેલ છે અને તમારા ભાગે વધારે જમીન આવેલ છે. જેથી તમો મને જમીન સરખી કરી આપો'' તેમ કહેતા, તેણીના પતિએ તેમને કહેલ કે, ''અમારે કોઈ વધારે જમીન આવેલ નથી ભાઈઓ ભાગમાં સરખી જમીન આવેલ છે''. તેમ કહેતા આ ત્રણેય જણા ઉશ્કેરાઈ ગયેલા અને તેણીના પતિને ભુંડી ગાળો બોલવા લાગેલા જેથી તેણીના પતિએ તેઓને ગાળો બોલવાની ના પાડતા આ ત્રણેય જણા તેમના હાથમાં રહેલ લાકડીઓ વડે તેણીના પતિને માથામાં તથા હાથે પગે તથા છાતીના ભાગે તથા શરીરે આડેધડ માર મારવા લાગેલા જેથી તેણીના પતિએ બુમાબુમ કરતા તેણી તથા તેણીના દીકરાની પત્ની ચંપાબેન તથા નજીકમાં રહેતા તેણીના જેઠ સીનાભાઈ નાનાભાઈ ખરાડી આ હોબાળો સાંભળી દોડી આવતા તેઓ બધા વચ્ચે પડી આ લોકોને હાથા જોડી કરી સમજાવી રવાના કરેલ હતા આ લોકો જતા જતા તેણીના પતિને કહેતા હતા કે, આજે તો આ લોકો આવી જવાથી તુ બચી ગયેલ છે પરંતુ તુ અમોને જમીન નહી આપે તો હવે પછી લાગમાં આવેથી અમો તને જાનથી મારી નાંખીશુ તેવી ધમકીઓ આપી તેમના ઘરે જતા રહેલ હતા.

ત્યાર બાદ તેઓએ તેણીના પતિને જોયેલ તો તેમના માથાના

આગળના ભાગે તથા ડાબા કાનથી ઉપરના માથાના ભાગે તથા છાતીના ડાબી તરફના ભાગે તથા જમણા હાથની કોણી તથા ડાબા હાથની કલાઈના ભાગે તથા બન્ને પગોના ભાગે તથા પીઠના ભાગે ઈજાઓ થયેલ હતી અને તેઓને લોહી નીકળતુ હોય તે વખતે તેમનો ભત્રીજો દીનેશ સીનાભાઈ ત્યા આવી જતા તેઓએ તેમને બનાવની વાત કરેલ જેથી તેમના ભત્રીજા દીનેશે તેણીના પતિને દવાખાને સારવાર માટે લઈ જવા સારૂ ૧૦૮ મોબાઈલ બોલાવી તેણી તથા તેણીના દીકરાની વહુ ચંપાબેન તથા જેઠ સીનાભાઈ નાનાભાઈ એ રીતેના અમો ત્રણેય જણા પાલનપુર સીવીલ હોસ્પીટલમાં સાંજના આશરે સવા સાતેક વાગ્યાના અરસામાં લાવી દાખલ કરેલ હતા ડોકટર સાહેબે તેણીના પતિની સારવાર ચાલુ કરેલ હતી. તેણીના પતિ સારવાર દરમ્યાન તા.૧૬/૦૪/૨૦૨૫ ના રાત્રીના આશરે પોણા અગીયાર વાગ્યાના અરસામાં મરણ ગયેલ છે.

આમ, આરોપી (૧) નાથાભાઈ કેશાભાઈ ખરાડી (૨) ગલબીબેન વા/ઓ નાથાભાઈ કેશાભાઈ ખરાડી (૩) નીતાબેન ડો/ઓ નાથાભાઈ કેશાભાઈ ખરાડી ત્રણેય રહે.રબારીયા તા.અમીરગઢવાળાઓ લાકડીઓ સાથે તેમના ઘરની આગળ આવી તેણીના પતિને ભાઈઓ ભાગની જમીનમાં અમારા પિતાના ભાગમાં ઓછી જમીન આવેલ છે અને તમારા ભાગે વધારે જમીન આવેલ છે જેથી તમો મને જમીન સરખી કરી આપો તેમ કહેતા તેણીના પતિએ અમારે કોઈ વધારે જમીન આવેલ નથી ભાઈઓ ભાગમાં સરખી જમીન આવેલ છે, તેમ કહેતા, આ ત્રણેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ તેણીના પતિને ભુંડી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી તેમના હાથમાં રહેલ લાકડીઓ વડે તેણીના પતિને માથામાં તથા હાથે પગે તથા છાતીના ભાગે તથા શરીરના ભાગે આડેધડ માર મારી ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ કરેલ જે ઈજાઓના કારણે સારવાર દરમ્યાન તેણીના પતિનુ મૃત્યુ થયેલ હોય, ઉપરોક્ત ત્રણેય

જણા વિરૂદ્ધ ધોરણસર તપાસ થવા મતલબની ફરીયાદીએ તા. ૧૭/૪/૨૫ ના રોજ પી.આઇ. શ્રી અમીરગઢ પો.સ્ટે. કેમ્પ–સીવીલ હોસ્પી.પાલનપુર રુબરુ ફરીયાદ આપેલ હોય તેવું જણાય છે.

**૨૨.** હવે આંક–૩૦ ની ફરીયાદ જોતાં, બનાવના દિવસે ગુજરનાર સાથે ગુજરનારના પત્ની વનીબેન તથા પુત્ર વધુ ચંપાબેન હતા અને કુકવા સાંભળી ગુજરનારના ભાઇ ચીનાભાઇ આવેલ છે ત્યારે આ ફરીયાદી સહિતના સાહેદો બનાવને નજરે જોનાર સાહેદો કહી શકાય જેથી તેઓનો પુરાવો આ કેસના ન્યાયીક નિર્ણય સારુ અતિમહત્વનો બની રહે છે. આ કામે ફરીયાદપક્ષે આંક– ૨૯ થી ફરીયાદી અને ગુજરનારના પત્ની વનીબેન ખરાડીને તથા આકં– ૩૪ થી ગુજરનારના પુત્રવધુ ચંપાબેન ખરાડીને તથા આંક– ૩૨ થી ગુજરનારના ભાઇ ચીનાભાઇ ખરાડીને તપાસવામાં આવેલ છે. આ ફરીયાદી સહિતના બંને સાહેદો ઉપરાંત ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ આંક– ૩૬,૩૮ થી ૪૦ ના સાહેદોનો પુરાવો જોતાં, હકીકત સ્પષ્ટ જણાય છે કે, આ ફરીયાદી સહિતના તમામ સાહેદો તેમના પુરાવામાં આ કામના આરોપીઓએ ભાઇઓ ભાગમાં જમીન ઓછી આવેલ હોવાનું મનદુ:ખ રાખી, લાકડીઓ ધારણ કરી, ફરીયાદીના ઘર આગળ આવી, એકબીજાની ગુનાહીત મદદગારીમાં ગુજરનાર રત્નાભાઇનું મોત નિપજાવવાના ઈરાદે આરોપી નં. ૧ નાએ ગુજરનાર રત્નાભાઇને માથાના તથા છાતીના ભાગે આડધેડ લાકડીઓ મારી તથા આરોપી નં. ૨ તથા ૩ નાએ પગમાં લાકડીઓ મારી, ગુજરનારને ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ પહોંચાડી, ગુજરનારનું મોત નિપજાવી, ખૂન કરેલ હોય તેવી આરોપીઓ વિરુધ્ધ આંક– ૩૦ ની ફરીયાદ હકીકત કે પોલીસ રુબરુના નિવેદનની હકીકતો લેશમાત્ર સમર્થન આપતા નથી. આ ફરીયાદી તથા સાહેદો તેમના પુરાવામાં બનાવ કેવી રીતે શું બનેલ તેની ખબર નહીં હોવાનું તેમજ કોઇ વ્યકિતઓએ હથીયાર સાથે આવી ગુજરનારને ઈજા કરેલ હોય તેવું બનેલ નહીં હોવાનું સ્પષ્ટ જણાવે છે.

આ ફરીયાદી ઉપરાંત સાહેદોએ તેમના પુરાવામાં બી.એન.એસ.એસ.ની કલમ– ૧૮૩ મુજબના આંક– ૩૧, ૩૩, ૩૫, ૩૭ ના નિવેદનોમાં માત્ર તેમની સહી સિવાય આરોપીઓ વિરુધ્ધ જણાવેલ હકીકતોને પણ સમર્થન આપતા નથી. આમ, આંક– ૩૦ ના ફરીયાદી સહિત આંક– ૩૨,૩૪, ૩૬, ૩૮ થી ૪૦ ના સાહેદોનો પુરાવો કોઈપણ રીતે આંક– ૩૦ થી રજુ થયેલ ફરીયાદ હકીકત એટલે કે, આરોપીઓએ ભાઇઓ ભાગમાં જમીન ઓછી આવેલ હોવાનું મનદુ:ખ રાખી, લાકડીઓ ધારણ કરી, ફરીયાદીના ઘર આગળ આવી, એકબીજાની ગુનાહીત મદદગારીમાં ગુજરનાર રત્નાભાઈનું મોત નિપજાવવાના ઈરાદે આરોપી નં. ૧ નાએ ગુજરનાર રત્નાભાઈને માથાના તથા છાતીના ભાગે આડેધડ લાકડીઓ મારી તથા આરોપી નં. ૨ તથા ૩ નાએ પગમાં લાકડીઓ મારી, ગુજરનારને ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ પહોંચાડી, ગુજરનારનું મોત નિપજાવી, ખૂન કરેલ હોય તેવી આરોપીઓ વિરુધ્ધની હકીકતને સમર્થન કરતો નથી. આરોપીને ગુના સાથે સંડોવી શકાય તેવો કોઇ પ્રત્યક્ષ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. આ કામે પંચોની હાજરીમાં આરોપીઓ પાસેથી મુદ્દામાલ હથીયાર લાકડીઓ રીકવર થયેલ હોય તેવી હકીકત સ્વતંત્ર એવા પંચ સાહેદોના પુરાવાથી પુરવાર થતી નથી. તબીબી પુરાવો જોતાં, ગુજરનારને ધારદાર હથીયાર કે મુદ્દામાલ હથીયાર લાકડી જેવા બોથર્ડ પદાર્થથી ઈજા થયેલ છે તે સબબ અભિપ્રાયમાં મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે. આ કામે એફ.એસ.એલ.નો કોઈ અહેવાલ રજુ થયેલ નથી. આંક–૧૫ ના ડોકટરશ્રીએ દર્દીના સગાઓએ આરોપીઓના નામજોગ હીસ્ટ્રી આપેલ હોવા સબબ પુરાવો આપે છે પરંતુ આ ડોકટરશ્રી બચાવપક્ષની ઉલટ તપાસ દરમ્યાન રેકર્ડ પર આવેલ હકીકત જોતાં, કેસ પેપર્સમાં હીસ્ટ્રીમાં આરોપીઓના નામજોગ કોઈ હીસ્ટ્રી આપેલ હોય તેવું જણાતું નથી અને ડોકટરશ્રી પણ તેમના પુરાવામાં દર્દીના સગાઓએ

આપેલ હીસ્ટ્રી સમજી શકાયેલ ન હોવાથી જે રીતે સમજણ પડી તે રીતે હીસ્ટ્રી લખી લીધેલ હોવાનું જણાવે છે ત્યારે એકમાત્ર ડોકટરશ્રી રુબરુની હીસ્ટ્રી આધારે આરોપીઓને ગુનામાં સંડોવી શકાય નહીં. આમ, સમગ્રપણે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોતાં, આરોપીઓ વિરુધ્ધ કોઇ પ્રત્યક્ષ કે માનવા લાયક સંયોગિક પુરાવો રજુ થયેલ નથી. આ કામે રેકર્ડ પર રજુ થયેલ તબીબી પુરાવા સાથે આંક– ૧૯ નું ઈન્કવેસ્ટ પંચનામું જોતાં, ગુજરનારના મૃત્યું સબબની એટલે કે, ગુજરનારનું મૃત્યું તા. ૧૬/૪/૨૫ ના રોજ માથામાં તેમજ શરીરે થયેલ ઈજાઓના કારણે અકુદરતી થયેલ છે તેટલી જ હકીકતને સમર્થન કરે છે પરંતુ તે ગુજરનારનું અકુદરતી મૃત્યું આ કામના આરોપીઓએ જ પોતે મુદ્દામાલ લાકડીના ઘા કરી, જીવલેણ ઈજાઓ કરી અને તેવી જીવલેણ ઈજાઓના કારણે ગુજરનારનું મૃત્યું થયેલ છે તેવી હકીકતને રેકર્ડ ઉપરનો ઉપરોકત ફરીયાદી સહિત કોઈપણ સાહેદનો પુરાવો લેશમાત્ર સમર્થન કરતો નથી અને તેથી જયારે રેકર્ડ ઉપરનો પુરાવો ઈ.પી.કોડની કલમ– ૨૯૯, ૩૦૦, ૩૦૨ ના પ્રબંધો અને તત્વોને આધિન આરોપીનો ગુનાહીત ઈરાદો, ગુનાહીત માનસ અને જ્ઞાનને સમર્થન કરતો નથી ત્યારે માત્ર ગુજરનારનું મૃત્યું અકુદરતી છે તેટલી જ હકીકત પુરવાર કરવી પુરતી ન હાઈ, રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં તે કોઈપણ રીતે આ કામના આરોપીઓએ ગુજરનારનું મૃત્યું પોતે તા. ૧૬/૪/૨૫ ના રોજ મુદ્દામાલ લાકડીથી ઘા મારી કુદરતના સામાન્ય ક્રમમાં તેવી ઈજાના કારણે ગુજરનારનું મૃત્યું થયેલ છે તેવી હકીકત પુરવાર કરતા નથી.

**૨૩.** વધુમાં આંક–૧૦ થી આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામું ધ્યાને લેતાં, બનાવના દિવસે આરોપીઓએ એકબીજાની ગુનાહીત મદદગારી કરી, ગુજરનાર રત્નાભાઇને જાહેરમાં ભુંડી ગાળો બોલી, અશ્લીલ શબ્દો ઉચ્ચારી, જાનથી મારી નાંખવાની ગુનાહીત ધમકી આપી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ– ૨૯૬,

૩૫૧(૩) સાથે વાંચતા કલમ–૫૪ મુજબના ગુના સબબ પણ તહોમત ફરમાવવામાં આવેલ છે ત્યારે આ સબંધે પણ રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોઇએ તે પહેલા બી.એન.એસ.ની કલમ– ૨૯૬, ૩૫૧(૩) ના પ્રબંધો અને તત્વો ધ્યાને લેવા જરુરી બને.

**<u>બી.એન.એસ.ની કલમ– ૨૯૬ ::</u>**

ઈ.પી.કોડની કલમ– ૨૯૪(ખ) માં કોઈ જાહેર સ્થળે કે તેની નજીકમાં કોઈ અશ્લીલ ગીત ગાય, અશ્લીલ કાવ્યો સંભળાવે કે અશ્લીલ શબ્દો ઉચ્ચારે તે બાબતની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. હાલના કામે આરોપીએ જાહેર સ્થળ ઉપર સાહેદને અશ્લીલ શબ્દો ઉચ્ચારેલ તેવું ફરિયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે.

**<u>બી.એન.એસ.ની કલમ– ૩૫૧(૩)::</u>**

**–ગુન્હાહિત ધમકીની સજા ::–**

કોઈપણ વ્યકિત ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને કરવામા આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વિગેરે કરવાની હોય તો :–

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્રહિનતાનો આક્ષેપ કરવાની હોય તો, તેને સાત વર્ષ સુધીની બેમાથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામા આવશે.

આ કલમનાં આવશ્યક તત્વો નીચે પ્રમાણે છે ::–

૧. આરોપીએ ફરીયાદીને તેનાં શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિત સાથે હિત ધરાવતી હોય તેનાં શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી,

૨. આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાનાં ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂનબધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાનો કાનૂની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે તેવા ઈરાદાથી આપવામા આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રહિનતા નો આક્ષેપ કરવા અંગેની હતી.

**૨૪.** હવે ઉપરોકત બી.એન.એસ.ની કલમ– ૨૯૬, ૩૫૧(૩) ના ગુનાના પ્રબંધો અને તત્વો સાથે રેકર્ડ પર રજુ થયેલ આંક– ૨૯ ના ફરીયાદી સહિત આંક– ૩૨, ૩૪, ૩૬, ૩૮ થી ૪૦ ના સાહેદોનો પુરાવો જોતાં, તા. ૧૬/૪/૨૦૨૫ ના બનાવમાં આરોપીઓએ એકબીજાની ગુનાહીત મદદગારીમાં ગુજરનાર રત્નાભાઈ ઉર્ફે રતાભાઇને જાહેરમાં

ભુંડી ગાળો બોલી, અશ્લીલ શબ્દો ઉચ્ચારી, જાનથી મારી નાંખવાની કોઇ ગુનાહીત ધમકી આપેલ હોય તેવી હકીકતને સમર્થન આપતા નથી. રજુ પુરાવાથી ધમકીના અનુસંધાને બનાવ સ્થળે ભયનું વાતાવરણ પેદા થયેલ હોય કે ધમકીના અનુસંધાને બનાવ બાદ અન્ય કોઇ બનાવ બનેલ હોય તેવી પણ કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી ત્યારે આરોપીઓ વિરુધ્ધ ઇ.પી.કોડની કલમ– ૨૯૬, ૩૫૧(૩) ના તત્વો પુરવાર થતા નથી.

**<u>પંચનામા, એફ.એસ.એલ. અહેવાલની સંયુકત ચર્ચા::–</u>**

**૨૫.** સદર કામે આંક–૧૯ થી ઈન્કવેસ્ટ પંચનામુ રજુ થયેલ છે તે ગુજરનારની મૃત્યુ બાદની શારીરીક સ્થિતિ દર્શાવતુ પંચનામુ છે. આંક– ૪૪ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામું રજુ થયેલ છે જેમાં બનાવવાળા સ્થળની ચતુર્દીશા દર્શાવવામાં આવેલ છે અને મુદ્દામાલ લાકડીના ટુકડા બનાવ સ્થળેથી મળી આવતાં કબજે કરવામાં આવેલ હોય તેવું જણાય છે. વધુમાં આંક–૨૨ થી આરોપીની શરીરસ્થતી/મુદ્દામાલ કપડાંનું રીકવરી પંચનામું રજુ થયેલ છે પરંતુ આ કપડાં સબંધે એફ.એસ.એલ.નો કોઇ અહેવાલ આ કામે રજુ થયેલ નથી. આંક–૨૫ તથા ૨૮ થી રીકવરી/ડિસ્કવરી પંચનામું રજુ થયેલ છે અને પંચનામા દરમ્યાન મુદ્દામાલ હથીયાર લાકડીઓ રીકવર થયેલ છે પરંતુ આવી હકીકતને સ્વતંતત્ર એવા પંચ સાહેદો સમર્થન આપતા નથી. ઉપર ચર્ચા કરી તે મુજબ ગુજરનારને થયેલ ઈજા ધારદાર હથીયાર કે બોથર્ડ પદાર્થ કે તે બંનેથી ઈજા થયેલ છે કે કેમ? તે સબંધે વિરોધાભાસી અભિપ્રાય રેકર્ડ પર આવેલ છે. આ મુદ્દામાલ સબંધે કોઇ એફ.એસ.એલ.નો અહેવાલ રજુ થયેલ નથી. ફરીયાદી તથા સાહેદો તેમના પુરાવામાં બનાવ સમયે આરોપીઓએ મુદ્દામાલ લાકડી ધ્વારા ગુજરનારને ઈજાઓ પહોંચાડેલ હોય તેવી હકીકતને સમર્થન આપતા નથી ત્યારે એકમાત્ર આ પંચનામા આધારે આરોપીઓને ગુનામાં સંડોવી શકાય નહીં.

**પોલીસ સાહેદોના પુરાવાની ચર્ચા :–**

**૨૬.** ફરીયાદપક્ષે આંક– ૪૧ થી પી.એસ.ઓ. તથા આંક– ૪૩ થી ત.ક.અ.શ્રીને તપાસવામાં આવેલ છે. આ પોલીસ સાહેદોનો પુરાવો લક્ષમા લેતા તેઓ દ્વારા સ્વાભાવિકરીતે જ તેમણે તેમની ફરજ નાં ભાગ રૂપે સદર ગુન્હાનાં કામે કરેલ કામગીરીનું વર્ણન પોતાનાં સોગંદ ઉપરનાં પુરાવામા વિગતવાર જણાવવામા આવેલ હોય તેવું જણાય છે. પરંતુ આ કામે ઉપર વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ રેકર્ડ પર રજુ પુરાવાથી આ કામના આરોપીઓએ ભાઇઓ ભાગમાં જમીન ઓછી આવેલ હોવાનું મનદુ:ખ રાખી, લાકડીઓ ધારણ કરી, ફરીયાદીના ઘર આગળ આવી, ઉશ્કેરાઇ જઇ, એકબીજાની ગુનાહીત મદદગારીમાં ગુજરનાર રત્નાભાઇને જાહેરમાં ભુંડી ગાળો બોલી, અશ્લીલ શબ્દો ઉચ્ચારી, જાનથી મારી નાંખવાની ગુનાહીત ધમકીઓ આપી, ગુજરનાર રત્નાભાઇનું મોત નિપજાવવાના ઈરાદે આરોપી નં. ૧ નાએ ગુજરનાર રત્નાભાઇને માથાના તથા છાતીના ભાગે આડધેડ લાકડીઓ મારી તથા આરોપી નં. ૨ તથા ૩ નાએ પગમાં લાકડીઓ મારી, ગુજરનારને ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ પહોંચાડી, ગુજરનારનું મોત નિપજાવી, ખૂન કરી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩) સાથે વાંચતા કલમ– ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતું નથી ત્યારે એકમાત્ર પોલીસ સાહેદોના પુરાવા પર આધાર રાખી, આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહીં.

**૨૭.** આમ, ઉપર વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ રજુ પુરાવાથી આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ –૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩) સાથે વાંચતા કલમ– ૫૪ મુજબના ગુના સબબનું આંક– ૧૦ નું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોઇ, **મુદા નં. ૧ તથા ૨ નો જવાબ નકારમાં ઠરાવી, મુદા નં. ૩ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

**–:: આખરી હુકમ ::–**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૩૫(૧) (બી.એન.એસ.એસ.ની કલમ– ૨૫૮(૧)) અન્વયે **આરોપી નં. (૧)નાથાભાઈ કેશાભાઈ ખરાડી, નં. (૨) ગલબીબેન વા./ઓ. નાથાભાઈ ખરાડી નં. (૩) નીતાબેન ડો./ઓ. નાથાભાઈ ખરાડીને બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧), ૨૯૬, ૩૫૧(૩) સાથે વાંચતા કલમ– ૫૪** મુજબનાં ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યેથી મુદ્દામાલનો નાશ કરવો અને જો અપીલ થાય તો તે સંજોગોમાં અપીલ અદાલતના નિર્ણય મુજબ મુદ્દામાલનો નિકાલ કરવો.

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ– ૪૩૭(એ) મુજબ જો સદર હુકમને કોઈ અપીલ ધ્વારા પડકારવામાં આવે તેવા પ્રસંગે આરોપીઓએ એપેલેટ કોર્ટ સમક્ષ ઉપસ્થીત રહેશે તેવી ખાત્રી માટે રુા. ૫૦૦૦/– (અંકે રુપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા આપવાના રહેશે.

(૪) આરોપી નં. ૧ આ ગુનાના કામે કાચા કામના કેદી તરીકે જેલમાં હોઈ આરોપીને આ ગુના પુરતા જેલ મુકત કરવા જેલરશ્રીને જરુરી યાદી કરવી.

હુકમ આજ તારીખ. ૩૦ મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર.
તારીખ : ૩૦ –૩–૨૦૨૬

**(શુભદા કૃષ્ણકાન્ત બક્ષી)**
સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
**(કોડ નં.જી.જે.૦૦૩૭૭)**